RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા
## માસિક પત્રિકા

Issue : 5, Year: 70, August, 2023, Pages: 52, Price Rs. 7.00





આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

### શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. આ જીવદયા ફંડ સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઇ રહી છે. **જેમકે છેલ્લા ૦૯ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી માર્ચ -૨૦૨૩) સુધીમાં ૨૧૦૦૬ - જીવો છોડાવેલ છે.**

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉજવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુઃખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ આ એક વર્ષ દરમ્યાન માં ટોટલ ૩૯૨૯ જીવો છોડાવેલ છે.**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

Bank Name : AXIS BANK LTD.
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820
IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai

Bank Name : BANK OF INDIA
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219
IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.)

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા - મુંબઈ

# શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં Platinum Donor

## રૂા. ૨૫ લાખનું અનુદાન



**શ્રી કિરીટભાઈ વૃજલાલ શેઠ**



**શ્રીમતી ભારતીબેન કિરીટભાઈ શેઠ**

મુળવતન લિંબડી, હાલ - અંધેરીની ધરાને શોભાવી રહ્યા છે. પુરૂષાર્થ કરવાથી શું ન મેળવી શકાય તે શ્રી કિરીટભાઈ શેઠ ને મળવાથી તેમની આર્થિક તથા સામાજિક પ્રગતિ જે તેમણે સાધી છે, તેના પરથી તેમનો વિષય પરીચય થઈ શકે.

આ કર્મ યોગિતા જીવનસાથી **શ્રીમતી ભારતીબેન** પડછાયાની જેમ તેમની સમાજ ઉપયોગી પ્રવૃત્તિને સાથ આપતા રહ્યા છે.

### શ્રી કિરીટભાઈના માટે આટલા જ ઉદ્ગારો

- જુની સ્કીમ ૨૦૧૮ પણ શુભ શરૂઆત શ્રી કીરીટભાઈ શેઠ દ્વારા થયેલ.
- નવી સ્કીમની શુભ શરૂઆત શ્રી કીરીટભાઈ શેઠ ટ્રસ્ટી દ્વારા
- શિષ્ઠતા, પ્રેમાળ વ્યવહારની વિશિષ્ઠતા ધરાવનાર મળવા જેવી વ્યક્તિ
- વ્યવસાયિક ક્ષેત્રે કુનેહપૂર્વક દીર્ઘ દૃષ્ટી અને આયોજનનો સમન્વય
- શૈક્ષણિક ક્ષેત્રે દાનનો પ્રવાહમાં હંમેશા અગ્રક્રમે

અંતમાં શ્રી કિરીટભાઈની ઓળખાણ આપવી હોય તો ઘણાજ ટુંકા શબ્દોમાં કહીએ તો ''માંગનાર ભુલે'' એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નહીં ગણાય. પુણ્ય ઉપાર્જીત લક્ષ્મીને સન્માર્ગે વાપરવા માટે તેઓ સદા તત્પર હોય છે.

**સભાના ભાવિ આયોજનમાં પણ આવોજ પ્રેમાળ-ઉમળકો**
**શ્રી કીરીટભાઈ શેઠનો પરીવાર, આપતા રહે એજ મંગલમય પ્રાર્થના**



+61 412549275

yashshah.yg@gmail.com

## BIO - DATA

| | | |
|---|---|---|
| Name | : | Yash Manish Shah |
| DOB | : | 23-02-1995 |
| Birth Time | : | 6:18 am |
| Birth Place | : | Mumbai |
| Height | : | 5'8" |
| Native Place | : | Pilvai |
| Religion | : | Zalawadi Visha Shrimali, Sthanakvasi Jain |
| Horoscope | : | Light Manglik |
| Mother Tounge | : | Gujarati |
| Hobbies | : | Travelling, Music, Pet Lover |

## EDUCATION / PROFESSIONAL DETAILS

| | | |
|---|---|---|
| Education | : | B. E. in information Technology<br>(Thakur College of Engineering)<br>Masters in I.T. (Data Science)<br>(Queensland University of Technology)<br>Brisbane - Australia |
| Profession | : | Working at West Point Autos as a IT support<br>(Brisbane - Australia) |
| Australia Residence | : | 184, Hammersmith St, Coopers<br>Plains QLD 4108, Australia |
| Mumbai Residence | : | B-407, Royal Complex, Rajshree Apt.,<br>Eksar Road, Borivali (West), Mumbai - 91. |

## FAMILY DETAILS

| | | |
|---|---|---|
| Grand Father | : | Late Ashok Natvarlal Shah |
| Grand Mother | : | Late Kokila Ashok Shah |
| Father Name | : | Manish Ashok Shah (M: 9821047605) |
| Father Occupation | : | Senior Vice President of Sharekhan<br>(By-BNP Paribas) |
| Mother Name | : | Punita Manish Shah (M: 9870367557) |
| Mother Occupation | : | Free Lancer (College Projects) |
| Nana | : | Niranjan Gordhandas Kamdar |
| Nani | : | Saryoo Niranjan Kamdar |
| Kaka | : | Vipul Ashok Shah |
| Kaki | : | Mona Vipul Shah |
| Mama | : | Devang Niranjan Kamdar |
| Mami | : | Varsha Devang Kamdar |
| Masa | : | Parag C Mehta (Baroda) |
| Masi | : | Kunjal Parag Mehta |

Advt.

Shree Mahaveeray Namah

# TEJAS MAHENDRA SHAH

## PERSONAL DETAILS

Birth Details : 14th May 1984, 6.00 AM at Borivali
Height / Weight : 5'8" Inch / 70 Kgs
Education : B.Com ( N.L.College, Malad )
Cast : Zalawadi Dashashrimali Sthanakwasi Jain

## PROFESSION

: Poorva Holidays A Prestigious Tour Operator Of India
Leh Ladakh ✦ Andaman Nicobar ✦ Spiti Valley ✦ 3 Sisters
Dubai ✦ South Africa ✦ Australia ✦ New Zealand ✦ Japan



## OTHER DETAILS

Income : 48 Lakhs Per Annum
Hobbies : Play Cricket, Watch Movies, Travelling etc.
Diet : 100% Jain Diet

## CONTACT DETAILS

✆ +91 993 099 3825
✉ tejasminister@gmail.com

## OFFICE ADDRESS

Shop No. 23, 29 & 36,
Yudhistir Building, Opp. N.L.Garden,
Anand Nagar, Dahisar East,
Mumbai - 400068.

## NATIVE PLACE

Rampara
( Near Surendra Nagar )

## PERMANENT ADDRESS

Solitier 1 CHS Ltd.,
Building No.3, Flat No. 403,
Poonam Garden, Mira Road East,
Thane - 401107

## FAMILY & RELATIVES DETAILS

GRAND FATHER : Late Shri Mahasukhlal Zaverchand Shah
GRAND MOTHER : Late Smt. Vijayaben Mahasukhlal Shah
FATHER : Shri Mahendra Shah : Self Employed ✆+91 932 253 0669
MOTHER : Smt. Sharda Shah : Home Maker ✆+91 932 492 5865

## SIBLINGS & OTHERS

### SISTERS

P.P. Mrudutabai Mahasatiji,
Barwala Sampraday
P.P. Divyatabai Mahasatiji,
Barwala Sampraday
Smt. Trupti, Elder &
Married To
Neeraj Kiritbhai Matalia,
Borivali

### BROTHERS

Dipen Shah ( Elder )
Profession : IT Professional
Working With JP Morgan
Married To Komal Shah ( House Wife )

### UNCLE

Kishor Shah, Mira Road
✆+91 986 903 5925

### MOSAL

Pravin Manilal Ajmera,
Ahmedabad
Rasik Manilal Ajmera,
Kandivli ✆+91 932 464 4575
Bhuat Manilal Ajmera,
Kandivli ✆+91 932 465 2678
Sanjay Manilal Ajmera,
Ahmedabad

Advt.

**પૂજા અને પ્રાર્થના માટે લંબાવેલ બે હાથ કરતા, જીવદયાનાં કાર્ય માટે લંબાવેલો એક હાથ પ્રભુને વધુ પ્યારો છે.**

## પશુ હોસ્પીટલ - લેબોરેટરીને અધતન આધુનિક સુવિધાયુક્ત બનાવવા સમાજ શુભચિંતક, જીવદયા પ્રેમી શ્રી મધુભાઈ શાહની ભાવભરી અપીલ

# અબોલ જીવોને શાતા આપવા જીવદયા - પાંજરાપોળ માટે જીવદયાપ્રેમીઓ, દાતાશ્રીઓને હૃદય સ્પર્શી નમ્ર વિનંતી

ભગવાન મહાવીરનાં પુનિત પગલાથી પાવન થયેલ વર્ધમાનપુરી (વઢવાણ)ની ભૂમિ ઉપર અનાદિકાળથી જીવદયાની જ્યોત પ્રજ્વલિત રાખતી આપણા જિલ્લાનાં વઢવાણ ખાતેની શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળની મુલાકાતે થોડા સમય પહેલા જવાનું થયેલ. અબોલ જીવોની વેદનાનો અહેસાસ થતા ખરેખર હૃદયમાં વેદના થઈ આવેલ. અબોલ નિસહાય પશુ પક્ષીઓનું મજબૂર, લાચાર, વેદના ભર્યુ જીવન જોઈને અમારા હૃદય દ્રવી ઉઠયા. આ અબોલ નિસહાય બિમાર પશુ પક્ષીઓનું મુંગુ રૂદન આપણા કાનોમાં સંભળાયને ત્યારે તેઓ માટે કાંઈક કરી છૂટવાની ભાવના પ્રબળ બને છે. અને થાય કે આ પશુધનને કોઈપણ ભોગે બચાવી લઈએ, સાચવી લઈએ.

**''જીવો અને જીવવા દો''**ની પર્યાય વાચી વ્યવસ્થા એટલે પાંજરાપોળ. વિવિધ પ્રાણી સમુદાયમાં સૌથી ઉપયોગી પ્રાણીઓનાં ઉપયોગ પછી તેને સાચવવાની પદ્ધતિ તેમજ ઘરડા - નાના બાળ કે બિન ઉપયોગ અબોલ જીવોની નિસ્વાર્થ સેવાનું કેન્દ્ર પાંજરાપોળ છે. ભગવાને દરેક જીવને પર્યાવરણનાં સમતોલન માટે બનાવેલ છે. ઈશ્વરની આ રચના મુજબની જીવસૃષ્ટિમાં આપણે કોઈપણ જીવની ઉપેક્ષા કરીશું તો જીવવું દુષ્કર બનશે.

ભગવાને માનવીને વાચા આપી છે. આ વાચા થકી માનવી પોતાની વ્યથા - તકલીફ - મુશ્કેલીને બીજા સમક્ષ વ્યક્ત કરી શકે છે. **પરંતુ અબોલ જીવો, નિસહાય પશુપક્ષીઓનું શું ? પશુપક્ષીઓ પોતાના દુઃખ, દર્દ, પીડા, વેદના કે તકલીફ કેવી રીતે વ્યક્ત કરે ? કોને કહેવા જાય... ? કયાં ફરિયાદ કરશે... ? કોની આગળ ફરિયાદ કરશે... ? નિસહાય...લાચાર...મજબૂર....આ અબોલ જીવો, ના કોઈને કહી શકે કે ના સહી શકે. કેટલી અસહય પીડા અને કેટલી અપાર વેદના.** જરા કલ્પના તો કરો કે અબોલ જીવો ઉપર આ આવી પડતી પરિસ્થિતિ, માનવી ઉપર આવી પડે તો...શું થાય ! હૃદય દ્રવી ઉઠશે. **ત્યારે આપણને આ મનુષ્ય ભવ મળ્યાની સાચી કિંમત સમજાય છે.**

ખાખરાથળ વીડ (થાન પાસે) અને વઢવાણમાં આવેલી પાંજરાપોળમાં થઈને વર્ષે લગભગ ૪૦૦૦થી વધુ પશુઓને આશ્રય આપતી, **વઢવાણ મહાજન પાંજરાપોળ લગભગ ૨૫૦ વર્ષથી વધુ જુની એવી સૌરાષ્ટ્રની સૌથી જુની અને જિલ્લાની સૌથી મોટી પાંજરાપોળ** છે. અહિયા ૩૬૫ દિવસ અને ૨૪ કલાક કોઈપણ પશુઓને રાખવાની ના નથી પાડવામાં આવતી. સુરેન્દ્રનગર જિલ્લાની કે બહારની અમુક પાંજરાપોળોની તેમનાં પશુઓને સાચવવાની કયારેક વિનંતી આવતા એ પશુઓને વઢવાણ પાંજરાપોળ તરફથી અનુકૂળતાએ વહેલા કે મોડા ખાખરાથળ વીડમાં કે વઢવાણ પાંજરાપોળમાં સ્વીકારી લેવામાં આવે છે. કોઈપણ પશુ આવ્યા પછી, કુદરતી મૃત્યુ થાય ત્યા સુધી તેની સાર સંભાળ લેવામાં આવે છે. ગુજરાત રાજયની ૨૪૨ પાંજરાપોળ પૈકી સર્વ શ્રેષ્ઠ પાંજરાપોળને અપાતો **''શ્રી મહાવીર જીવદયા એવોર્ડ''** ૨૦૦૪માં વઢવાણ પાંજરાપોળને પ્રાપ્ત થયેલ. પશુઓની સારવાર - ચિકિત્સા - ઓપરેશન માટે ખૂબ જ સારી સેવા આપતી આ પાંજરાપોળમાં કાર્યરત **પશુ દવાખાનાને વધુ સારી સગવડતા - સુવિધાયુક્ત, અદ્યતન આધુનીક ટેકનોલોજી સાથે નવીનીકરણ** કરવાની હાલમાં તાતી જરૂરીયાત જણાય છે.

કોરોના કાળનાં કપરા સમયે સૌ કોઈને જીવનની મહત્તા સમજાઈ. એક ડર અને અસલામતીનો માહોલ જોવા મળેલ. ઘણા બધા નિસહાય, લાચાર, તડપતા કોરોના પેશન્ટોને, કોઈ ઈચ્છે તો પણ તેઓને મદદરૂપ બની શકતા નહિ, એવી માનવીની માનવી પ્રત્યેની મજબૂરી, લાચારી, નિસહાયતા સૌને જોવા મળેલ. કોઈ સેવા - સત્કાર્યાનાં પ્રભાવનાં પુણ્યબળે કે સારા કર્માનાં ફળ સ્વરૂપે ત્યારે આપણે સૌ બચી ગયા. **આથી જ સારા કર્મોનું ભાથું બાંધવા સાથે જીવનમાં શાતા પામવા અને અબોલ જીવોને શાતા આપવા માટે, જીવદયા માટે આવતી ઉત્તમ તકોને કયારેય ગુમાવવી જોઈએ નહિ.** કોરોના કાળમાં આપણે સૌ કોઈએ અનુભવેલી લાચારી, મજબૂરી, નિસહાયતા, ડર, અસલામતી આ બધુ તો

Advt.

આ અબોલ જીવો, પશુ પક્ષીઓ તો રોજબરોજ પળે પળે અનુભવતા હોય છે. આમ તેઓ એક દર્દ, પીડા ભર્યુ અસહ્ય જીવન હંમેશ માટે ભોગવી રહયાં છે. **જીવદયા માટે જો આપણે કાંઈ નહિ કરીએ તો આ અબોલ જીવોની સાર સંભાળ કોણ કરશે** !!! વઢવાણ પાંજરાપોળમાં આવેલા **પશુ દવાખાના**માં કાર્યકરો, ડોકટર અને તેમના મદદનીશ અને સહાયકો પશુઓની ખૂબ જ તકેદારી રાખી સારી ટ્રીટમેન્ટ કરતા હોય છે. આ **પશુ ચિકિત્સાલય**માં પાંજરાપોળનાં પશુઓ, અન્ય પાંજરાપોળનાં પશુઓ, આજુબાજુ વિસ્તારનાં પશુઓ, તેમજ બિનવારસી પશુઓની **સારવાર વિના મુલ્યે** કરવામાં આવે છે. વૃધ્ધ, નિર્બળ, બિમાર કે ઘાયલ પશુઓની પીડા, વેદના જોતા આંખમાં આંસુ આવી જાય છે.

**વઢવાણ પાંજરાપોળનાં ''પશુ ચિકિત્સાલય (પશુ હોસ્પીટલ)''ને અત્યાધુનીક ટેકનોલોજી સાથે સુવિધાયુક્ત નવીનીકરણ કરી સારી એનિમલ હોસ્પીટલ બનાવવામાં** આપ સૌ ઉમદા યાોગદાન આપી સહયોગી બનશો. સમગ્ર જીવ સૃષ્ટિમાં દુર્લભ એવો માનવ ભવ આપણને મળ્યો - જૈન કૂળ મળ્યું, સાથો સાથ સંપતિ મળી છે. **આ ઉમદા સત્કાર્ય આ ભવમાં નહિ કરીએ તો આ માનવ અવતારનો ફેરો ફોગટ જશે. આ ભવ નકામો જશે.** પુણ્ય કમાવવાનાં આ અવસરની તક ગુમાવશો નહિ. કારણ કે **પુણ્ય બાંધવા માટે શ્રેષ્ઠ એવો મનુષ્ય ભવ ફરી મળવાની કોઈ ગેરેન્ટી ખરી ?**...આપણે આ અબોલ જીવોને શાતા આપીશું તો આપણા જીવનને પણ શાતા મળશે. શાંતિ મળશે. મનુષ્યને અકસ્માત કે બિમારીમાં સુવિધાથી સજ્જ એમ્બ્યુલન્સ તથા અદ્યતન સુવિધાયુકત સારી હોસ્પીટલ મળે. ઘાયલ અને બિમારીથી પીડાતા પશુઓની વેદના જોઈ ત્યારે થયુ કે મનુષ્યને મળતી આવી બધીજ સગવડતા અબોલ જીવો માટે ઉભી કરીશું તો તેઓને ખૂબ જ સારી શાતા મળશે. તેઓને સારી રીતે સાચવી શકીશું. બચાવી શકીશું. આ માટે આપનાં ખૂબ જ ઉમદા સાથ, સહકાર સાથે યોગદાન, સહયોગની અંતરભાવે અપેક્ષા રાખીએ છીએ.

અબોલ જીવોનાં ઉજળા પુણ્યોદયે સુરેન્દ્રનગર, અમદાવાદ, મુંબઈ વગેરે શહેરોમાંથી જીવદયા પ્રેમીઓનાં ઉત્કૃષ્ટ યોગદાન - સહયોગ મળી રહયાં છે. આપ યોગદાન આપવા ઈચ્છતા હોય કે આપને કાંઈ જાણકારી, માહિતી જોઈતી હોય તો **વઢવાણ મિત્ર મંડળ મુંબઈ(શ્રી જવાહરભાઈ મણીયાર, મો. ૯૮૬૯૨૧૪૮૬૬)નો સંપર્ક કરી શકો છો.** નિસહાય, લાચાર અબોલ જીવો કાજે આપ સૌ આપનાથી શકય હોય તેટલી સારામાં સારી રકમનું શ્રેષ્ઠ યોગદાન આપશો. આપ નાનામાં નાની રકમ પણ આપી શકો છો. **આપની નાનામાં નાની રકમ પણ અબોલ જીવોને શાતા આપવા ઘણી જ મુલ્યવાન બની રહે છે.**આપણે નાનામાં નાની વ્યક્તિની નજીવી રકમથી લઈને, સુખી પરિવારોની સારી માતબર રકમનાં યોગદાનથી એક સમૃધ્ધ મોટું ફંડ ઉભું કરીને **વઢવાણ પાંજરાપોળને આપવા સાથે ત્યાંની પશુ હોસ્પીટલને નવીનીકરણ કરીને અંત્યાધુનિક ટેકનોલોજીથી સજ્જ સુવિધાયુક્ત બનાવીને અબોલ જીવોને શાતા આપીએ.** આપણે સૌ સાથે આ **સામુહિક પુણ્ય ઉપાર્જન** બાંધવાની અમુલ્ય તકને ઝડપી લઈએ.

આ તો નિસ્વાર્થ જીવો માટેની આ નિસ્વાર્થ ઉદાત, ઉમદા સેવા છે. આ માટે આપ સૌને વિનમ્ર ભાવે, સહૃદયે બે હાથ જોડવા સાથે વિનંતી છે કે આ કાર્ય માટે ખૂબ જ ઉદારભાવે મન મૂકીને દાનની ગંગા વહેવાવજો. અમારા હૃદયમાં દાન આપનાર અને દાન મેળવનાર માટે તેમજ દરેક માટે, સર્વ જીવોનું કલ્યાણ થાઓ એજ ઉદેશ અને જીવન સંદેશ રૂપી પ્રાર્થના છે.

**લી.**

**મધુભાઈ ન્યાલચંદ શાહ　　જવાહરભાઈ વૃજલાલ મણીયાર**


**SHREE WADHWAN MAHAJAN PANJARAPOLE**

**OUR BANKER`S**

BANK OF INDIA - SURENDRANAGAR A/c. No. 209010100003731 IFSC CODE: BKID0002090

AXIS BANK - SURENDRANAGAR A/c. No.326010100013518 IFSC CODE: UTIB0000326

શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળને આપેલ દાન ઈન્ડિયન ઈન્કમટેક્સની કલમ ૮૦-જી નીચે કરમુક્ત છે. આ ટ્રસ્ટ CSR રજીસ્ટર છે.

**શ્રી વઢવાણ મહાજન પાંજરાપોળ,** એમ. જી. રોડ, સુરેન્દ્રનગર, શાખા નં.- ૧ પાંજરાપોળ વઢવાણ, શાખા નં.- ૨ ખાખરાથળ વીડ

**: સંપર્ક :**

| | | |
|---|---|---|
| જવાહરભાઈ મણીયાર ૯૮૬૯૨૧૪૮૬૬ | ચંદુભાઈ સંઘવી ૯૮૬૯૩૫૦૫૭૬ | પરેશભાઈ શાહ ૯૮૨૪૪૮૪૬૨૯ |
| પરેશભાઈ મહેતા ૯૮૨૦૦૬૩૦૫૫ | મહેન્દ્રભાઈ શાહ ૯૩૨૪૨૮૩૫૬૨ | ભરતભાઈ મઠીયા ૯૪૨૮૪૭૫૭૧૩ |
| રાજેશભાઈ વોરા ૯૯૩૦૩૨૮૦૯૦ | નરેન્દ્રભાઈ ગાંધી ૯૮૨૦૦૭૬૪૬૦ | ઉપેન્દ્રભાઈ શાહ ૯૮૬૯૩૬૧૪૧૧ |

**સૌજન્ય: શ્રી વઢવાણ મિત્ર મંડળ - મુંબઈ અને શ્રી વર્ધમાનપૂરી વેલફેર ટ્રસ્ટ**

Advt.
















# Rising Sun Electric

------ A transition to clean energy is about making an investment in our future ------

**D2 Vijaykarwadi, Kumar Estate, Chincoli, Opp Mc Donnals, SV Road, Malad W, Mumbai 400064**
**Mob. 7021213467 Email: - risingsunelect@gmail.com Website :- www.risingsunelect.com**

Email: - risingsunelect@gmail.com 7021213467 www.risingsunelect.com

Advt.




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા (મુંબઈ)
સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

ઑગસ્ટ ૨૦૨૩
વર્ષ : ૭૦ : : અંક : ૫
: તંત્રી :
સંધ્યાબેન બિપિનભાઈ શાહ
માલિક :
શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ
: મુદ્રક અને પ્રકાશક :
પ્રવીણચંદ્ર જી. શાહ
: પ્રકાશન સ્થાન :
૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.
મો. : ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧
Email : zalawadisabha@gmail.com
મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૧. ફોન : ૦૨૨–૩૫૭૪૦૮૧૧
: ફક્ત પત્રિકાનું લવાજમ :
ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST
ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–
છૂટક નકલ રૂા. ૭/–

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા
ઑફિસના કામકાજનો સમય
સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦

*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રકાશિત થતા લેખોમાં દર્શાવેલા વિચારો લેખકના પોતાના છે, તેની સાથે સભાના હોદ્દેદારો અને તંત્રી -સંપાદક સંમત છે તેમ માની લેવું નહિ.*



# રક્ષાબંધન.....

માતા પિતાની હયાતી મા કે... હયાતી બાદ
બેનની સુખ-દુ:ખનો તારણહાર બને તે ભાઇ...
અને બેન-ભાઇની સદા કાલ સુધી સુખ શાંતિ અને
સમૃદ્ધિ જીવન જીવવાની પ્રાર્થના કરે એનું નામ રક્ષા બંધન.....

અનાદી કાળથી ઉજવાતો તહેવાર એ
સનાતન ધર્મનું પ્રતિક છે....
અને બેનને મદદ રૂપ થવું એ ભાઇની ફરજ છે.

ભૈયા મેરે રાખી કે બંધન કો નિભાના ....
ભૈયા મેરે છોટી બહેન કો ના ભુલાના...

ગીતો ગાયા... ને સાંભળીને થાકી ગયા હશો...
પણ માન અપમાન ગળી જઈ ને,
ભાઇ બહેનો ના અમર પ્રેમને ના ભૂલતા.....
કારણ મા-બાપની હયાતી બાદ બેનના મા-બાપ તમે જ છો....

ધર્મના માર્ગે વાળે તે બહેન અને વ્યહવાર સાચવી જાણે તે ભાભી...

રક્ષા બંધનનો પવિત્ર તહેવાર આવિયો છે મુજ આંગણે...
પ્રભુ મુજ બહેનને રાખજે સદા સુહાગન એજ મારી મંગળ પ્રાર્થનાં છે....

**સંકલન – આશિષ શાહ**

**સંપાદક : શ્રી શરદભાઈ એમ. ગાંધી**
M. : 9867540501
Email Id. :sharadgandhi51@gmail.com

# ઈશ્વરને પોકાર કરો, ઈશ્વર મળે જ



**પ.પૂ. ઉપાધ્યાય**
**શ્રી પુંડરીકવિજયજી મ.સા.**

પ્રસિદ્ધ સંત અને વિચારક ઝેવિયર એક નાયી પાસે પોતાના વાળ કપાવતા હતા. ત્યારે વાતમાં ને વાતમાં એક ચર્ચા જામી ગઈ. બન્ને વચ્ચે એ મુદ્દા ઉપર વિવાદ જાગ્યો કે ઈશ્વર છે કે નહીં? નાયીએ તો આ સંતને સ્પષ્ટ રૂપે કહી દીધું કે, જો ઈશ્વર હોય તો આ જગતમાં સર્વત્ર શાંતિ અને ખુશાલી પ્રવર્તવી જોઈએ.

એને બદલે ચોતરફ હિંસા અને બિમારીઓ જોવા મળે છે. વળી તમે કહો છો કે ઈશ્વર છે, તો એ શા માટે આપણી નજર સમક્ષ પ્રત્યક્ષ રૂપે દેખાતો નથી?

ઉત્તરમાં સંતે કહ્યું, ઈશ્વર તો કણકણમાં વ્યાપેલો છે એને શોધનારી નજર અને સાચા દિલની ઈમાનદારી જોઈએ.

ચર્ચા ચાલી રહી. દલીલો થતી રહી અને નાયી વચ્ચે વચ્ચે ઝેવિયરના વાળ કાપતો રહ્યો. આજુ બાજુ બેઠેલા લોકોને મજા પડી. નાયી ઝેવિયરની વાત સાથે સંમત ન થયો.

વાળ કપાવીને ઝેવિયર દુકાનની બહાર આવ્યા અને સડક પર જોયું કે એક માણસનો ચહેરો વિખરાયેલા, ગૂંચળાવાળા વાળથી ઢંકાઈ ગયો હતો. એની દાઢી મેલી અને અસ્તવ્યસ્ત હતી.

સંત ઝેવિયર એ યુવકને લઈને પેલા નાયીની દુકાનમાં આવ્યા અને નાયીને કહ્યું મને લાગે છે કે આ શહેરમાં હવે કોઈ સારો નાયી રહ્યો નથી.

આ સાંભળી નાયીએ કહ્યું, તમે શું વાત કરો છો? શહેરના તમામ નાયીઓમાં હું સર્વશ્રેષ્ઠ છું. દૂર દૂરથી ગ્રાહકો મારી પાસે આવે છે.

આ સાંભળી ઝેવિયરે કહ્યું. જો એમ જ હોય તો આ યુવકના વાળ આવા અસ્ત વ્યસ્ત કેમ? એના વાળ વધી ગયા છે અને દાઢી ગમે તેમ ઉગેલી છે.

આ સાંભળી નાયીએ તત્કાળ કહ્યું. એ મારી પાસે આવે તો હું વાળ કાપુંને? મને કઈ રીતે ખબર પડે કે કોના વાળ વધ્યા છે ને કોની દાઢી કરવાની છે.

આ સાંભળીને સંત ઝેવિયર બોલ્યા. તું સાચું જ કહે છે. થોડા સમય પહેલા તું મને સવાલ કરતો હતો કે ઈશ્વર છે કે નહીં? અરે ભાઈ! તમને કોઈ શોધતા આવે તો તમે મળો છો ખરું ને? આમ કોઈ ઈશ્વર શોધ કરે, એનું સ્મરણ કરે એને પોકાર કરે એને મેળવવાની કોશિશ કરે. તો એને ઈશ્વર મળે, કોઈ કર્મ કર્યા વિના ઈશ્વર મળતો નથી. સમજ્યા? અને નાયી સંતની વાત સાથે સંમત થયો.

*જે માણસ પોતાનો અભિપ્રાય કદી બદલતો જ નથી એ બંધિયાર પાણી જેવો છે. એ પાણીમાં જીવાત પડવાની જ.*

સંતના સંગમાં સુકૃત પ્રાપ્ત થાય. સંત એટલે શિક્ષક કે જે અગ્નિકુંડમાંથી ગુલાબ પેદા કરે.

આચાર્ય વિનોબા ભાવે એકવાર રેલગાડીમાં વર્ધા જઈ રહ્યા હતા. એ જ વખતે ટ્રેનમાં એ ડબ્બામાં એક વૃદ્ધ ફકીર ચઢયા. શાંતિથી એક બાજુ બેઠા. એ ફકીરે મધુર અવાજે પ્રભુ ભક્તિનું એક ગીત ગાવું શરૂ કર્યું.

રેલગાડીના એ ડબ્બાનું આખું વાતાવરણ બદલાઈ ગયું. આચાર્ય વિનોબા ભાવે એ ભક્તિમય ગીત સાંભળીને પ્રસન્ન થઈ ગયા. અન્ય યાત્રિકો પણ ફકીરના ગીતના જાદૂથી મંત્રમુગ્ધ થઈ ગયા.

ફકીરે એક સંગીત પુરું કર્યું એટલે સૌએ વિનંતી કરી કે બીજું સંભળાવો.

એ ડબ્બામાં એક ધનાઢય વ્યક્તિ પણ બેઠી હતી. એણે પોતાના ખિસ્સામાંથી પાંચ રૂપિયાના નોટ કાઢી અને કહ્યું. એકેક પૈસો એકઠો કરીને ક્યારે પાર આવશે? હું તમને પાંચ રૂપિયા આપું છું. શરત એટલી જ કે ભજન નહીં પણ કોઈ ફિલ્મનું ગીત ગાઓ.

ફકીર કહે, મારો નિયમ છે કે આ જબાનથી કદી ભગવાન સિવાય બીજું ગીત નહીં ગાઉં, મને માફ કરો. ધનાઢય કહે નિયમને રાખો એક બાજુ, આ લો સો રૂપિયા, ફિલ્મનું ગીત સંભળાવો.

ફકીર કહે એક લાખ આપો તો પણ હું ભગવાનની સ્તુતિ સિવાય કોઈ પણ ગીત નહીં ગાઉં.

ફકીરના આ શબ્દો સાંભળીને આચાર્ય વિનોબા ભાવે પોતાની જગ્યા પરથી ઉઠયા અને પેલા ફકીરને જઈને ભેટી પડયાને કહ્યું. મને લાગે છે કે હજી પણ આ દેશમાં સુરદાસ, તુલસીદાસ, મીરાબાઈ, નરસી મહેતાની પરંપરાના સાચા ભક્તો હજી જીવે છે. જેને કોઈ પણ લાલચ જીતી નથી શક્તિ તે સાચો ભક્ત છે.

❖❖❖

# આઝાદીનાં ૭૬મી વર્ષની ઉજવણી!!

ભારત દેશને, અંગ્રેજ-બ્રિટિશરોની ગુલામીમાંથી હિંદુ બહુમતી ધરાવતો પ્રદેશ એટલે હિંદુસ્તાન અને વધુ મુસલમાન વસ્તી ધરાવતો પ્રદેશ એટલે પાકિસ્તાન અને બંગાલ દેશને, ધર્મના નામે **Devide and Rule of Policy** માં માનતી અંગ્રેજ-બ્રિટીશરોની ગુલામીમાંથી, બધાજ દેશોમાંથી લાખો નિર્દોષ હિંદુઓની કત્લેઆમ-બલાત્કાર, કાટકૂટ થયા બાદ પોતાની તમામ માલમિલ્કતો મુકીને પહેરેલે કપડે, જાન બચાવવાના એક માત્ર ઉદ્દેશથી, હિજરતી બનીને મુસલમાનો માટે અલગ રાજ્ય જોઈએ એવા શ્રી મહમદ અલી ઝીનાના જીદ્દી વલણના લીધે, ધર્મના આધારે, અખંડ હિંદુસ્તાન વિભાજીત થયો અને બ્રિટિશ સલતનત ની ગુલામીમાંથી ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭ની સુવર્ણ પ્રભાતે દેશ આઝાદ બન્યો અને સર્વાનુમતે વડા પ્રધાન તરીકે ચુંટાયેલા પંડિત શ્રી જવાહરલાલ નહેરૂ, એ બ્રિટિશ રાજ્યનો ધ્વજ, લાલ કિલ્લા પરથી ઉતારી, આપણા દેશની આન-બાન અને શાનના પ્રતિક સમાન રાષ્ટ્રીય ધ્વજ તિરંગો ધ્વજ લહેરાવ્યો, રાષ્ટ્ર ગીતની ધૂન શરૂ થઈ અને લાખો માનવના મહામાર્ગ વચ્ચે, દેશવાસિયોને પ્રથમ પ્રવચન સંબોધિત કર્યુ અને ભારત દેશને આઝાદ ઘોષિત કર્યો!!

દેશ વિભાજીત થયો. શ્રી રાજેન્દ્ર પ્રસાદ પ્રથમ રાષ્ટ્રપતિ બન્યા. દેશના બંધારણ-**Constitution** ની કમિટીના પ્રમુખ બન્યા અન્ય લગભગ ૩૦૦ ભારતીઓ સભ્યો બન્યા પરંતુ શ્રી ભીમરાવ બાબાસાહેબ આંબેડકર, બંધારણનો ડ્રાફ્ટ મુત્સદીના રચયિતા ઘડવૈયા બન્યા, જેમનું નામ આજે પણ ભારતના ગૌરવવંતા ઈતિહાસમાં અમર થઈ ગયા છે.

આજની નવી પેઢીને ઈતિહાસ ખોટો સમજાયો છે જેનો દુઃખદ પરિણામ સ્વરૂપ આઝાદી મળ્યા બાદ પાંચ પાંચ મુસલમાનો શૈક્ષણિક મિનિસ્ટરો બન્યા જેમણે બારસો વરસોથી મોગલ સામ્રાજ્યના રાજાઓનો તેમના વહીવટનો પ્રચાર ખૂબજ કર્યો પરંતુ તન-મન-ધનથી હિંદુ ધર્મને કે સનાતન ધર્મને બચાવનારા દરેક નામી કે અનામીઓને હાંસીયા પાછળ ધકેલી દિધા!

આવા વિભાજનથી પખતૂનો અફઘાનીઓ અને બલુચિસ્તાનીઓ, ખાસ તો સરહદના ગાંધી તરીકે ઓળખાતા ખાન અબ્દુલ ગફારખાન નાખુશ હતા. એ શાંતિ પ્રિય ભોળી પ્રજાને ભારત સાથે ભળવું હતું પરંતુ ધર્મના આધારે અખંડ હિંદુસ્તાનના ભાગલા થયા હોવાથી લાચાર હતા.

સરકારની રચના થઈ અને ગૃહપ્રધાન તરીકે ''**સરદાર**''-તરીકે અને લોખંડી મહાપુરૂષ તરીકે પ્રસિદ્ધ શ્રી વલ્લભભાઈ પટેલની નિમણુંક કરવામાં આવી.

શ્રી વલ્લભભાઈ પટેલે શામ-દામ-દંડ ભેદની ચાણક્ય નિતી દ્વારા પ્રાયઃ ૩૬ હજારથી પણ વધારે દેશી રજવાડાઓનું ભારતમાં વિલીનીકરણ કર્યું હતું. હૈદ્રાબાદના મુસ્લીમ નવાબને અલગ રાજ્ય જોવાતું હતું પરંતુ રાતે ૧૨ વાગે એના મહેલની ચારે બાજુ લશ્કર ગોઠવીને સરદાર પટેલે નવાબ પાસે હસ્તાક્ષર કરાવી લીધા. અને હૈદ્રાબાદને ભારતમાં વિલિન કર્યું. આ બધા સમાચાર સાંભળીને જુનાગઢનો નવાબ રાતોરાત પાકિસ્તાન ભાગી ગયો. કાશ્મીર પર પાકિસ્તાનની કબાલી જાતીએ આક્રમણ કર્યુ. તે વખતે ત્યાંના રાજા કરણસિંગે ભારતમાં વિલય થવાની માંગણી સાથે લશ્કરી મદતની પણ માંગણી કરી હતી. સરદાર વલ્લભભાઈ મંત્રી સરદાર પટેલે જરાપણ વિલંબ કર્યા વગર મદત માટે લશ્કરને મોકલ્યું જેમણે કબાલીઓને ભગાડી દિધા.

આ વાતની નહેરૂ ને ખબર પડી અને એમણે યુદ્ધ વિરામ જાહેર કર્યો. જેના ફળસ્વરૂપે કાશ્મીરને અડધો હિસ્સો પાકિસ્તાનનો છે આને પાકીસ્તાન ઓક્યુપાઈડ કાશ્મીર તરીકે ઓળખાય છે.

આજ સુધી ૧૫મી ઓગસ્ટ એ આપણો રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવાય છે. જાહેર રજા હોય છે. વડાપ્રધાન લાલ કિલ્લા પરથી ધ્વજારોહણ કરે છે. લશ્કરની સલામી ઝીલે છે, દરેક રાજ્યોની સાંસ્કૃતિક ઝાંખી બતાડવામાં આવે છે લશ્કરની પરેડ પણ થાય છે. રાજ્યોના મુખ્ય પ્રધાનો પણ આજ પ્રક્રિયા કરે છે. સરકારી, અર્ધ સરકારી મકાનો પર તિરંગો લહેરાય છે. શાળા, કૉલેજમાં, જાહેર સ્થળો એ પણ તિરંગો ફરકાવવામાં આવે છે. અને જાહેર સરકારી મકાનો પર રોશની લાઈટ ડેકોરેશન કરવામાં આવે છે.

મહાત્મા ગાંધીજીના નેતૃત્વ હેઠળ... અંગ્રેજી માલનો બહિષ્કાર... મીઠાની દાંડીકૂચ... અસહકાર આંદોલન વિગેરેના દ્વારા જન આક્રોશ વધવા લાગ્યું.લોકમાન્ય તિલક શરૂ કરેલ સાર્વજનિક ગણેશોત્સવ, લાલ-બાલ ને પાલ, શહિદ ભગતસિંગ, રાજગોરનું બલિદાન કઈ રીતે ભુલાય? સમાજ સુધારકોનું યોગદાન **List** ઘણું લાંબુ થઈ જાય!

વિવિધતામાં એકતા, વિકાસ-પ્રગતિ અને વિશ્વ ગુરૂ બનવાની દિશામાં આગળ વધતા દેશને, હોમી અશાંતિ લવ જેહાદથી બચાવીએ અને સાચા અર્થમાં ગાઈએ...

***જહા ડાલ ડાલ પર***
***સોને કે ચિડિયા કરતી હૈ બસેરા,***
***વો ભારત દેશ હૈ મેરા***
***વો ભારત દેશ હૈ મેરા!!***

**- ધવલ કામદાર**

# આશિર્વાદ અને દુવા

એક ગામડા ગામનો અભણ યુવાન, ઉનાળા નાં દિવસોમા સેવાનાં ભાવ સાથે વગડામા પાણીનું પરબ ખોલે છે, રસ્તામા આવતાં જતા મુસાફરો પાણી પીઈને તરસ છીપાવે છે, આ પરબ ઉપર રોજ ચાર જણા આવે છે, પાણી પીવે, થાક ઊતરે ત્યાં સુધી પેલા યુવાન સાથે વાતો કરે, અને વળી જતા રહે, આ રોજનો ક્રમ બની ગયો, એક દીવસ પેલો યુવાન પૂછે છે કે મિત્રો તમે રોજ મારે ત્યાં આવો છો, પાણી પીવો વાતો કરો અને જતા રહો છો, તો મને એટલું બતાવો કે તમે કોણ છો. ? ક્યાં થી આવો છો અને ક્યાં જાવ છો ? પેલા ચારે જણ ક્હે છે કે દોસ્ત અમારી ઓળખાણ કાઢવી રહેવા દે, પેલો યુવાન આગ્રહ કરે છે કે નાં, તમે તમારી ઓળખાણ આપો, પેલા લોકો ક્હે છે કે દોસ્ત કાળજું કઠણ કરી ને સાંભળ અમે યમના દુતો છીએ, હે.. ? તો કે હા અમે યમનાં દુતો છીએ, અને રોજ જીવને લેવા જઇએ છીએ, વાત સાંભળતા યુવાન ક્હે છે કે ભાઈ તમે મારૂં એક કામ કરશો. ? દુતો કહે છે કે ભાઈ રોજ તારૂ પાણી પીઈએ, તારી સાથે વાતો કરીએ, તારૂ કામ કેમ નાં કરીએ.. ? યુવાન કહે છે કે દોસ્તો મારે મારૂ મૃત્યુ જાણવું છે, તમે કાલે આવો ત્યારે મારૂ મૃત્યુ જાણતા આવજો, ભલે કહીને દુતો જતા રહયા. બીજા દિવસે દુતો આવીને કહે છે કે દોસ્ત તારૂ મૃત્યુ તારી પરણ્યાની પહેલી રાત્રીએ સર્પ દંશથી થશે, આટલું બોલતાં દુત રડી પડ્યો, પેલો યુવાન ક્હે છે, ભાઈ તુ કેમ રડે છે ?, દુત ક્હે છે મિત્ર તને કરડવા માટે નૉ સાપ બનવાનો મારો વારો છે, ! યુવાન પૂછે છે કે મિત્રો મૃત્યુથી બચવું હોય તો કઈ રીતે બચી શકાય, દૂતો કહે છે કે ભાઈ મૃત્યુ એ દુનિયા નો અટલ નિયમ છે, વિધાતાનાં લેખને કોઈ રોકી ના શકે ! તેમ છતા તૂ લગ્ન નાં કરે તો કદાચ બચી શકાઈ.

આ બાજુ યુવાનનાં લગ્નની વાતો ચાલે છે, યુવાન લગ્ન કરવાની નાં ક્હે છે, પરંતુ માની મમતા અને પીતાનાં પ્રેમ આગળ યુવાનને જૂકવૂ પડે છે, ટૂંકમાં યુવાનનાં લગ્ન થયાં, પરણ્યાની પહેલી રાત્રિએ પોતાની દુલ્હનને મળવા જાય છે, નવોઢા અન્નનાં થાળ રાંધી ને મેડી ઉપર પોતાના પતીની આવવાની રાહ જોઈને બેઠી છે, યુવાન અડધો દાદર ચડ્યો, ત્યાં પેલો દૂત સાપ બની ને બેઠો છે, યુવાને આવીને દૂતને કીધું તુ મને જલ્દી ડંખ મારી ને તારી ફરજ પુરી કર, સાપ ક્હે છે ભાઈ તારા મૃત્યુ ને હજી અડધા કલાકની વાર છે, હુ તને અત્યારે કરડીશ તો તારે અડધો કલાક દુઃખી થવું પડશે, એનાં કરતા હુ અડધા કલાક પછી તને ડંખ મારૂં જેથી કરીને તારે દુઃખી નાં થવું પડે, આ બન્નેની વાત પેલી નવોઢા ઉપરનાં ઓરડામાં સાંભળે છે, નવોઢા જાણી ગઇ કે મારો પતી ઓરડા સુધી પહોંચવાનો નથી !

આ બાજુ ગામનાં પાદરમાં કોઈ ગરીબ મજૂરો આવીને પડેલા છે, અડધી રાત્રિએ મજૂરની સ્ત્રીને પ્રસુતિની પીડા ઉપડે છે, બાળકનો જન્મ થયો, પેલી ઔરત પોતાના પતી ને ક્હે છે કે મને જલ્દી ખાવાનું લાવી આપો, મને પેટમા વાઢ ઉપડી છે, તમે જલ્દી ખાવાનું લાવો, નહિતર હુ આ બાળકને ખાઈ જઈશ, પુરૂષ કહે છે કે આ અજાણ્યા ગામમાં અડધી રાત્રી એ મને ખાવાનું કોણ આપશે ? સ્ત્રી આશ્વાસન આપે છે કે તમે જાવ તો ખરાં કોઈ દયાળુ મળી જશે, પુરુષ ઊભી બજારે અડધી રાત્રિ એ પોકાર કરે છે, કે છે કોઈ દયાળુ, છે કોઈ હરિનો લાલ કે મારી ઔરત નું અન્ન થી પેટ ઠારે, આ પોકાર મેડી ઉપર નવોઢા નાં કાને પડે છે, નવોઢા ને થાય છે કે થોડી વારમાં પતી મૃત્યુ પામવાનો છે, આ અન્નનાં થાળ આ શણગાર થોડી વાર મા રોળાઇ જવાના છે, સાડી વાટે પેલું અન્ન એ પુરુષને આપે છે, પુરુષ પોતાની સ્ત્રી ને આપે, સ્ત્રી નાં પેટનો ખાડો પુરાણો, નાભી માંથી આશિર્વાદ નીકળ્યા કે હે પરમાત્મા મારૂ પેટ ઠારનાર નું પેટ ઠારજો, એનો ચુડેલો અમર રાખજો, એનું સૌભાગ્ય અખંડ રાખજો, આશિર્વાદનો ધોધ યમરાજા ના ચોપડામા કંડારાઇ ગયો સાહેબ.. !

આ બાજુ સમય પુરો થયો સાપ ડંખ મારે છે, પરંતુ યુવાનને કાઈ થતુ નથી, દૂત અનેક પ્રયાસ કરે છે, છતા યુવાનને ઝેર ચડતું નથી, દૂત દોડતો યમરાજ પાસે આવીને ક્હે છે કે માલીક આપણી કાંઈક ભુલ થાય છે, પેલા યુવાનને ઝેર ચડતું નથી, અને નથી એનું મૃત્યુ થતુ ! યમરાજ ચોપડો ખોલી ને જુવે છે, દુતને ક્હે છે તારે માત્ર એક સેકન્ડનો ફેર પડી ગયો, તારા ડંખની પહેલા, ગરીબ બાઈનાં આશિર્વાદ પહોચી ગયા, તુ કે હુ, હવે એને મારી નહીં શકીએ ! !

સાહેબ કોઈની સેવા, કોઈ ભૂખ્યા માણસ નાં આશિર્વાદ અને દુવા શુ નાં કરી શકે. ? કોઇના આત્માને ઠારવાનું કામ વિધાતાનાં વિધાનને ખોટા પાડી શકે છે, જીવનમા જ્યારે મોકો મળે ત્યારે કોઈની દુવા લેવાનું ચુંકવૂ નાં જોઈએ, દુવા અને આશિર્વાદ મા બહૂ તાકાત છે સાહેબ, ગમે તેવા સંકટો અને મુસીબતો આશિર્વાદથી ટળી જાય છે, અને કોઈની બદ દુવા કે કોઇના આત્મા ને બાળવાનું કામ તમારાં ગમે તેવા સુખ કે સામ્રાજ્ય ને ઘડી નાં છઠા ભાગમાં હતાં નહોતા કરી શકે છે, માટે જીવન મા હમેશા ભલાઈ કરવી, ભલાઈ ભલભલા સંકટ ને દુર કરે છે, વિધિના વિધાન અને ઈશ્વર નાં ચોપડા ને પણ ખોટા પાડી શકે છે... !

# ભાઈ-બહેનનાં અતૂટ અમરપ્રેમનો તહેવાર એટલે... રક્ષાબંધન!!

**શ્રા**વણ મહિનો એટલે તહેવારોની ભવ્યાતિભવ્ય ઉજવણીની શરૂઆત! વિશ્વાસ-વિકાસ અને પ્રગતિ દ્વારા... વિશ્વગુરૂ બનવાની દિશામાં હરણફાળ ભરી રહેલો, સનાતન સંસ્કૃતિનો વિશ્વ પ્રચારક, આપણો દેશ માત્ર ખેતી પ્રધાન દેશ નથી પરંતુ લાગણી-પ્રેમ-વાત્સલ્ય અને મોજ-મજા-ધમાલ-મસ્તીથી ઉજવાતા રાષ્ટ્રીય-ધાર્મિક-સામાજીક અને આધ્યાત્મિક તહેવારોનું જીવંત ઉદાહરણ છે!

**રક્ષા બંધન** એ માત્ર તહેવાર નથી પરંતુ ભાઈ-બહેનના અતૂટ-અવર્ણનીય-પ્રેમની એક અદ્‌ભુત મિશાલ છે, ઉદાહરણ છે.

**શ્રાવણ સુદ પૂનમ** એટલે રક્ષા બંધન. નો પવિત્ર તહેવાર. આ દિવસે ભાઈના જમણા હાથમાં બહેન રાખડી બાંધે છે, કપાળમાં તિલક કરે છે, મિઠાઈ ખવરાવી મોઢું મીઠું કરે છે... આ તો વરસોથી..અનાદિકાળથી ચાલી આવતી પરંપરા કે રિત રિવાજ છે.

ભાઈના સુખ-શાંતિને સમૃદ્ધિમાં વધારો થાય અને ભાઈ સુંદર, આરોગ્યમય જીવન વિતાવે એવી પવિત્ર કલ્પના..વિચારો.. કે શુદ્ધ અને શુભ ભાવથી બહેન ભાઈની આરતી પણ ઉતારે છે અને આશીર્વાદ પણ આપે છે.

ભારતીય સંસ્કૃતિ પ્રમાણે દરેક તહેવારોની ઉજવણી પાછળ વૈજ્ઞાનિક..આધ્યાત્મિક..સામાજીક.. અથવા તો ધાર્મિક કારણ છુપાયેલું હોય છે જેનું મૂલ્યાંકન કરીને તેને જાણવું..માણવું અને આચરણમાં મુકવું આજના યુગમાં ખુબજ જરૂરી છે.

પુરુષનો જમણો હાથ પવિત્ર ગણાય છે અને જમણા કાંડામાં બાંધેલી રાખડી અથવા



રક્ષા પોટલી યા અન્ય લાલ/કાળો દોરો એ માંત્રિક હોય છે અને પુરૂષમાં આધ્યાત્મિક શક્તિનો વિકાસ વધારે છે અને આત્મવિશ્વાસ જગાડે છે એનામાં ધર્મ પરત્વેની રૂચિ વધારે છે એવું કહેવાય છે.

અન્ય સ્ત્રી પરત્વેની કામ વાસના ઘટાડીને પોતાની બહેનની જીવનભર તન-મન અને ધનથી ભાઈ મદદરૂપ બને છે. બહેન અગર જો સંકટ, દુઃખ કે વિપદામાં આવે તો તેની રક્ષા કરવાના શુભ આશયથી કપાળમાં તિલક કરવામાં આવે છે.

એવું કહેવાય છે કે (૧) કપાળમાં ત્રીજુ નેત્ર હોય છે અને 'ભાઈ, જો બહેનની રક્ષા માટે ત્રીજુ નેત્ર ખોલે તો તાંડવ રચાય છે, મહાવિનાશનું સર્જન થાય છે અને દુશ્મનનો સર્વનાશ થાય છે. (૨) મહાભારતનો પ્રસંગ છે કે ભગવાન શ્રી કૃષ્ણના ઘવાયેલા હાથમાંથી વહેતા લોહીને અટકાવવા માટે દ્રૌપદીએ સાડીનો પાલવ ફાડીને, શ્રી કૃષ્ણને હાથે પાટો બાંધે છે જેનું ૠણ, ભરસભામાં, જ્યારે દુઃશાસન દ્વારા દ્રૌપદીના ચીર હરણ કરતી વખતે, શ્રી કૃષ્ણ પોતાની દૈવી શક્તિ દ્વારા પરિચય આપે છે, સાડીઓનો ઢગલો થાય છે, દુઃશાસન થાકી જાય છે, હારી જાય છે પરંતુ દ્રૌપદીનું ચિરહરણ કરવામાં નિષ્ફળ જાય છે.

**આરતીએ માંગલિક છે**, ભગવાનની કે દેવી દેવતાઓની સમક્ષ આરતી કરવાનો રિવાજ છે કારણ કે દૈવી શક્તિ ધરાવતા હોવાથી મનવાંછિત ફળ આપે છે.

માતા-પિતાની હયાતી બાદ ભાઈ એ બહેન માટે માતા પિતા સમાન હોવાથી બહેન ભાઈની આરતી ઉતારે છે તેને માંગલિક ગણવામાં આવે છે.

કોઈ પણ શુભ કાર્યમાં ગળું મોઢું કરવું જ જોઈએ એ ભારતીય સંસ્કૃતિની પરંપરા ગણાય છે. બહેન ભાઈને રાખડી બાંધે છે, તિલક કરે છે, આરતી ઉતારે છે અને ભાભીશ્રીના હાથે લટકણીયું યા રક્ષા પોટલી બાંધીને બંનેની ગળું મોઢું કરાવે છે, ઓવારણા લઈને ટચાકા ફોડે છે અને પોતાનાથી ભાઈ ભાભી મોટા હોય તો બહેન પગે લાગે છે, જે આખા પ્રસંગની ગરિમા વધારે છે. અને પોતાનું કર્તવ્ય નિભાવે છે.

જૈન દર્શન પ્રમાણે આ પર્વ લૌકિક પર્વ ગણાય છે. સનાતન સંસ્કૃતિ પ્રમાણે આ પર્વનો મહત્ત્વ વધારે છે અને શુભ અને મહા પવિત્ર દિવસ ગણાતો હોવાથી બ્રાહ્મણો આ દિવસે જુની જનોઈ કાઢીને નવી જનોઈ, મંત્રોચ્ચારના વચ્ચે ધારણ કરે છે આજનો દિવસ બળેવ તરીકે પણ ઓળખાય છે.

દરિયામાં નારિયલ પધરાવવાનો રિવાજ અને પૂજા અર્ચના કરતા હોવાથી સમાજની ભિન્ન ભિન્ન જાતિઓ, વિગેરે આ જન્મ દિવસને નારિયેલ પૂર્ણિમા તરીકે પણ ઉજવે છે.

**રક્ષાબંધનનો સંદેશ...બહેનના આશીર્વાદ...** હે ભાઈ! કામ-ક્રોધ-લોભ-માયા-અહંકારથી મુક્ત થા. દરેક બહેનના શીલ અને ચારિત્રની રક્ષા કર... સુખ-શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કર.. નોંધારાનો આધાર બન... **તંદુરસ્તીમય દિર્ઘાયુ જીવન વિતાવ એવી મંગળ પ્રાર્થના!'**

❖❖❖

## પ્રતિભા સંપન્ન - ખમીરવંતી ઝાલાવાડી બહેનોને કમાવવાની સુવર્ણ તક !!

**સન્માનનીય બહેનો,**

કથીરમાંથી સોનું બનાવી શકે યા waste માંથી Best બનાવી શકે, એવી આજના U.Tube, mobile કે T.V દ્વારા અથવા અન્ય અદ્યતન ટેક્નોલોજીથી શીખીને ઘણી બહેનોએ, આવકના સ્રોત ઉભા કર્યા છે એ નારી સશક્તિકરણનું જીવંત ઉદાહરણ છે. સોની Live પર આવતી ''શાર્ક ટેન્ક'' સિરિયલ દ્વારા ઘણી બહેનો દ્વારા સંચાલિત સંસ્થાઓને મદદરૂપ બની છે.

બહેનો, તમે પણ, ઘરગથ્થું ઉપયોગી ઑફિસ માટે ઉપયોગી, બાળકો – Kids કે યુવાનો માટે ઉપયોગી, રમકડાં– પ્રિન્ટેડ સાડી–બ્લાઉજ–થેલા અથવા જ્વેલરી દાગીના, મેકઅપનો સમાન, આકર્ષક કલર બૉક્સ યા અન્ય કે ડેકોરેટીવ હાર –તોરણ અથવા તો ઘરના બનાવેલા નાસ્તા બનાવતા હો, તો તેના વેચાણ માટે શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા આપને ગોલ્ડન ચાન્સ આપે છે.

આપની આઈટમોનું વેચાણ વધે તે માટે સભાની માસિક પત્રિકામાં જાહેરખબર આપી શકો છો. રૂા. ~~૫૦૦~~ ને બદલે રૂા. ૨૫૦/– લેવામાં આવશે. (Advt. Size 8.7cm x 7 cm.) **તો બહેનોને લાભ લેવા વિનંતી.**

**પ્રોત્સાહન બહેનો માટે જ મર્યાદિત છે.**

**સંપર્ક કરો :**

**શરદભાઈ એમ. ગાંધી**
**(M. 9867540501)**

**હીનાબેન પારેખ**
**(M.9967459515)**

**લિપ્સાબેન શાહ**
**(M. 9833024806)**

## માતા–પિતાનું ઋણ

જિંદગીમાં પ્રેરક પ્રસંગો તો ઘણાય બનતા હોય છે, પરંતુ દરેક પ્રસંગ પરિતોષિત નથી બનતો. મને પ્રાપ્ત થયેલા પ્રસંગની અનુભૂતિએ પરિતોષિત કર્યો છે, તેવી ઘટના તમારી સાથે વહેંચવાની પ્રેરણાથી આલેખું છું.

પ્રેમલગ્ન કરીને સંસાર માંડ્યા પછી અનેક ચઢ-ઊતર તબક્કામાંથી પસાર થઈ અમારું સાંસારિક જીવન ઠરી ઠામ થયું હતું. બે દીકરા અને એક દીકરીને પરણાવી ચૂક્યા. દાદી-દાદી, નાના-નાની પણ બની ચૂક્યા. અહીં સુધી પહોંચવા સુધીમાં કેટલુંક કરજ ચઢી ગયું હતું. વરસો સુધી એ કરજ મંથર ગતિએ ચૂકવાતું હતું. છેલ્લે વર્તમાન સમયને અનુરૂપ બહુ મોટું કરજ હવે રહ્યું નહોતું. પુત્રોના સહકારથી આમ તો એ રકમ છુટક છુટક એકઠી કરીને અદા કરી



શકાય તેમ હતી પરંતુ મનમાં વિસંવાદ થતો હતો. આ રકમ એકઠી કરીને કરજમુક્તિ શક્ય હતી પરંતુ આચરણમાં દ્વિધા હતી. તેવામાં અચાનક એક દિવસ પત્ની સાથે એક પરિચિત જૈન મુનિના દર્શનાર્થે ગયા. હું જોકે ધર્મને બહુ ઊંડી રીતે સમજી શકતો ન થયો. તે સાથે માતૃ વંદના-પિતૃ વંદના મંત્રને પણ જોડતો ગયો. ચમત્કારીકરૂપે વિચારો કટિબદ્ધ થતાં ગયાં, અને અંતે પૂર્ણ કરવાનો આદેશ એક દિવસ સ્વપ્નમાં માતાએ કર્યો. પુત્રો જોડે આ અંગેની વાત થઈ અને પરિણામ સ્વરૂપ કર્જાપેટેની એ રકમ નિશ્ચય સાથે ચૂકવાઈ ગઈ. વર્ષો સુધી એક માનસિક બોજ લઈને ફરતો હતો. મુક્ત થયો.

માના આદેશ મુજબ ઋણ તો ચૂકવાઈ ગયું. મા એક પ્રેરણા છે. જે મારા જીવનમાં પ્રેરક બની છે. સત્ય ઘટના આલેખી છે. પરંતુ વાચકને પ્રશ્ન પૂછવાનું મન થાય છે કે વ્યવહારિક ઋણમાંથી તો હું મુક્ત થયો પરંતુ માતા-પિતાનું ઋણ કદી ચૂકવી શકાય તેવું હોય છે ?

**– 'ચંદ્ર' શાહ**

❖❖❖

# સદાચારનો પાયો



☐ ચિમનલાલ ચકુભાઈ શાહ

**સ**દાચાર એટલે શું અને સદાચાર શા માટે - આ બે પાયાના પ્રશ્નો છે. સામાન્યપણે વ્યવહારમાં જેને સદાચાર માનવામાં આવે છે તેને આપણે સદાચાર ગણીએ છીએ. વ્યવહારનીતિ અથવા સામાજિક વર્તનના નીતિનિયમો અને વિધિ-નિષેધો દેશકાળ પ્રમાણે પલટાતાં રહે છે. એક પ્રકારના વર્તનને એક દેશમાં સદાચાર માનવામાં આવે અને બીજા દેશમાં તેને દુરાચાર અથવા અનાચાર માનવામાં આવે. એક જ દેશમાં એક નિયમ એક સમયે સદાચાર લેખાય, બીજા સમયે દુરાચાર લેખાય અથવા આચરણલાયક ન લેખાય. સ્ત્રી-પુરુષના સંબંધો, જીવનના વિવિધ ક્ષેત્રે થતા માનવવ્યવહારો વગેરે વિષયોનો વિચાર કરીએ તો એમ લાગે કે શાશ્વત નીતિ જેવું કાંઈ નથી. બંધન હોય તો માત્ર કાયદાનું અથવા સામાજિક પ્રતિષ્ઠાનું. આના પાયામાં ભય છે, સદાચાર સ્વૈચ્છિક નથી. વાસ્તવમાં, સામાજિક નીતિ-નિયમો સદાચાર નથી પણ સદાચારનું બાહ્ય સ્વરૂપ અથવા દેહ છે. આ દેહ કાળક્રમે જડ અથવા ભારરૂપ બને છે અને નવો દેહ અથવા સ્વરૂપ ધારણ કરવું પડે છે. આપણે સદાચારનો સનાતન સિદ્ધાંત વિચારવો છે. એવો સિદ્ધાંત ધર્મનો પાયો લેખાય છે અથવા એવો સદાચાર એ જ ધર્મ છે. તો એ સદાચાર શું અને શેને માટે એ પ્રશ્નો સદા પુછાતા રહ્યા છે.

બીજી રીતે કહીએ તો What is the fundamental principle of ethical conduct? - નૈતિક જીવનનો પાયાનો સિદ્ધાંત શો છે? નૈતિક જીવન એ જ મનુષ્યને માનવતા અર્પે છે, તેમાં જ તેનું શ્રેય છે એમ આપણે માનીએ છીએ. આપણે પોતે શુદ્ધ નૈતિક જીવન જીવી શકતાં ન હોઈએ ત્યારે પણ નૈતિક જીવનની પ્રશંસા કરીએ છીએ અને તે જ સાચું જીવન છે એમ કહીએ છીએ. મોટા ભાગનાં માણસો નથી સંત કે નથી દુષ્ટ, સામાન્ય માનવી પ્રવાહપતિત જીવન જીવે છે. તે નથી સદાચારી, નથી દુરાચારી.

મનુષ્યમાં એક એવું તત્ત્વ છે જે તેને ભૌતિક અથવા દૈહિક જીવનથી ઉપર લઈ જવા સતત પ્રેરણા આપે છે. આહાર, નિદ્રા, મૈથુન આ સંજ્ઞાઓ મનુષ્ય અને મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિને સામાન્ય છે, પણ ધર્મ કે નીતિનો વિચાર મનુષ્યની વિશેષતા છે. મનુષ્યેતર પ્રાણીસૃષ્ટિનું જીવન પરંપરાગત પ્રણાલિકા - instincts મુજબ વહ્યા કરે છે. માણસ વિચારવંત પ્રાણી છે, આત્મનિરીક્ષણ કરી શકે છે. તેને સ્મૃતિ છે ભૂતકાળની, બુદ્ધિ છે વર્તમાન માટે, અને કલ્પના છે ભવિષ્ય માટે, એ બધાંથી પર એક તત્ત્વ છે, તેને આત્મા કહો, ચેતના કહો, જે આ બધો વિચાર કરે છે અને અંતિમ નિર્ણય લે છે અથવા લેવાની શક્તિ ધરાવે છે. તેની શક્તિ અનંત છે.

ધન, સત્તા, કીર્તિ માટે માણસ જીવનભર વલખાં મારે છે. પણ તે સાથે જાણે છે અને અનુભવે છે કે તેમાં સાચું સુખ કે શાન્તિ નથી. કેટલાંક મૂલ્યો એવાં છે જેને માટે માણસ પોતાના સર્વસ્વનું, પોતાના પ્રાણનું પણ બલિદાન આપવા તૈયાર થાય છે અને તેમાં પોતાનું શ્રેય માને છે, ધન્યતા અનુભવે છે. સત્યને ખાતર, ધર્મને ખાતર, દેશને ખાતર, કુટુંબ માટે કે બીજા એવા મહાન આદર્શ માટે માણસ ત્યાગ કરવા તૈયાર થાય છે. એક રીતે જોઈએ તો નાનામાં નાનો અને ગરીબ માણસ પણ પ્રતિક્ષણ કાંઈ ને કાંઈ ત્યાગ કરતો હોય છે. ગરીબ માતા ભૂખી રહી બાળકને ખવડાવશે. સામાન્ય માણસ પણ સગાસંબંધીની કે પડોશીની થોડીઘણી સેવા કરતો હશે, તેને માટે કાંઈક ત્યાગ કરતો હશે.

તો પ્રશ્ન થાય કે જીવનનું ધ્યેય, અંતિમ લક્ષ્ય શું છે અને તે લક્ષ્ય પ્રાપ્ત કરવાનું સાધન શું છે. સદાચાર, જીવનનું અંતિમ લક્ષ્ય પણ બને અને સાધન પણ બને. અહીંયાં સાધ્ય-સાધનની એકતા થાય છે.

ભારતીય દર્શનો-ધર્મો માને છે કે જીવનનું અંતિમ લક્ષ્ય મોક્ષ છે. મોક્ષના સિદ્ધાંતમાં પુનર્જન્મ અને કર્મના સિદ્ધાંતો અંતર્ગત છે. મોક્ષ એટલે શું એમ પૂછીએ તો જવાબ મળશે કે પુનર્જન્મના ફેરામાંથી મુક્તિ. પછી શું? બીજો જવાબ મળશે : સ્વસ્વરૂપનું ભાન જ્ઞાન એટલે મોક્ષ અથવા આત્મજ્ઞાન, તેની સાધના, અહિંસા, સંયમ, તપ અથવા રત્નત્રયી, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક ચારિત્ર. સમ્યક્ એટલે જે છે તે અથવા સત્-સત્ય, મિથ્યાત્વ નહિ.

પણ બીજા ધર્મો છે, દર્શનો છે જે મોક્ષ અથવા પુનર્જન્મમાં માનતાં નથી. છતાં સદાચારને, નૈતિક જીવનને, સાચા સુખ અને શાશ્વત શાન્તિનો એકમાત્ર માર્ગ માને છે. આ અનુભવની ભૂમિકા છે, સંતપુરુષોનો અનુભવ છે.

આ નૈતિક જીવન એટલે શું? મહાવીરે અહિંસાને પાયાનો સિદ્ધાંત બનાવ્યો, બુદ્ધે કરુણાને, શ્રીકૃષ્ણે અનાસક્તિને, ક્રાઈસ્ટે

પ્રેમને, ગાંધીજીએ સત્યને, પ્લેટોએ જ્ઞાન (Wisdom) ને, કોઈએ ન્યાયને, કોઈએ સમાનતાને-આવા એક સિદ્ધાંતમાંથી બીજા ઘણા સદ્‌ગુણો-સદાચારનાં સ્વરૂપો આપોઆપ ફલિત થાય છે.

ક્રાઈસ્ટના ધર્મમાં મોક્ષ કે પુનર્જન્મની માન્યતા નથી. છતાં સાચા સુખ અને શાન્તિના માર્ગ માટે ક્રાઈસ્ટે કહ્યું છે: દુશ્મન પ્રત્યે પણ પ્રેમ કરો, એક ગાલે તમાચો મારે તો બીજો ધરો. કોટ માગે તો ખમીસ પણ આપી દો. ઉપકાર કર્યો હોય તેના પ્રત્યે તો સૌ કાઈ ઉપકારની લાગણી રાખે, પણ અપકાર કર્યો હોય તેના પ્રત્યે પણ ઉપકારની લાગણી હોવી તેમાં માનવતા છે.

સદાચારનો કાયમી માપદંડ એવો એક સિદ્ધાંત નક્કી કરીએ પછી તેનું આચરણ સમયે સમયે જુદા પ્રકારનું હોવા સંભવ છે. સિદ્ધાંત સનાતન છે. તેનો અમલ દેશકાળ અને પરિસ્થિતિ પ્રમાણે બદલાય. પણ સિદ્ધાંત જળવાઈ રહે, તેનું વધારે ક્ષમતાથી પાલન થાય એ લક્ષ્ય રહેવું જોઈએ. આવું આચરણ સહેલું નથી. જીવનની સમસ્યાઓ અતિ જટિલ છે. ડગલેપગલે સમાધાન કરવું પડે છે. ખાંડાની ધાર ઉપર ચાલવા જેવું છે.

આ બધા સિદ્ધાંતોને લોકભાષામાં મૂકવા હોય તો એમ કહેવાય કે કોઈને દુ:ખ આપીને કોઈ કાળે સુખી થવાતું નથી. આ અનુભવનો વિષય છે. બીજાંને સુખ આપીને, આપણને સુખ મળે છે. સુખ આપવાથી વધે છે, દુ:ખમાં ભાગ પડાવવાથી તે ઓછું થાય છે. આ પ્રમાણે વર્તન થતું નથી, કારણ કે સાચા સુખનું આપણને જ્ઞાન કે અનુભૂતિ નથી. સુખાભાસને સુખ માની લીધું છે. સાચા સુખનાં ત્રણ લક્ષણો છે. એક, તે કોઈ દિવસ દુ:ખમાં ન પરિણમે. ભોગવિલાસમાં સુખ લાગે, દારૂ પિતાં સુખ લાગે પણ અંતે દુ:ખપરિણામી છે. બીજું, આપણા કહેવાતા સુખ માટે બીજાંને દુ:ખી કરવા પડતાં હોય તો તે સાચું સુખ નથી. સુખમાં સર્વ ભાગીદાર બને, કોઈને તેથી વંચિત ન કરીએ અથવા વંચિત થવું ન પડે તે સાચું સુખ છે. અંતમાં, સાચા સુખમાં મનની શાન્તિ અને સ્વસ્થતા હોય. અંત:કરણમાંથી અવાજ આવે કે જે કરીએ છીએ તે સાચું છે કે ખોટું. માણસનો અંતરાત્મા તેનો સાચો સાક્ષી છે. કાલિદાસે કહ્યું છે : **सतां हि सन्देहपदेषु वस्तुषु प्रमाणमन्तःकरणप्रवृत्तयः**। જે કાંઈ કર્યું છે તે સાચું છે કે ખોટું, તે સદાચાર છે કે દુરાચાર એવો સંદેહ પડે તો સત્પુરુષો માટે તેમના અંતરનો અવાજ એ જ સાચું પ્રમાણ છે. પણ આ પ્રમાણ સત્પુરુષો માટે છે. તેમનું અંતર નિર્મળ હોય છે અને તે સાચો જવાબ આપે છે. આપણું અંતર એટલું નિર્મળ હોતું નથી તેથી આપણી જાતને મનાવી લઈએ છીએ કે જે કર્યું તે સાચું છે - ખોટું હોય તો પણ.

હકીકતમાં, માણસમાં સ્વાર્થ એટલો ઊંડો ને વ્યાપક છે કે પોતાના સ્વાર્થે, પરહિત હણતાં તે અચકાતો નથી. બધાં દુ:ખનું મૂળ સ્વાર્થ છે. ડૉ. આર્નોલ્ડ ટોયનબી દુનિયાની બધી સંસ્કૃતિઓનો અભ્યાસ કરીને એ નિર્ણય ઉપર આવ્યા કે માણસનો સ્વાર્થ એનાં બધાં દુ:ખનું મૂળ છે. જુદાં જુદાં માણસો, વર્ગો, દેશો એ બધાંના સ્વાર્થના સંઘર્ષમાંથી દુ:ખ જન્મે છે. Such suffering is the result of selfishness. ભગવાન બુદ્ધે પણ માણસના હુંપણા -Ego માં તેના દુ:ખનું મૂળ જોયું અને **ego** - હું-જ નથી એમ કહી અનાત્મવાદી કહેવાયા.

પણ માણસ છેવટ સ્વાર્થી રહેવાનો. તેથી દુ:ખને દૂર કરવાનો માર્ગ ત્યાગ. તેના ઉપર બધા સંતોએ ભાર દીધો છે. આ ત્યાગનો યજ્ઞ સતત ચાલુ રહેવો જોઈએ. એવા યજ્ઞથી જ આ સંસાર નભે છે. દરેક વ્યક્તિ કાંઈક ત્યાગ કરતી હોય જ છે. પણ તે સાથે સ્વાર્થ પણ પ્રબળ રહે છે. તેથી ડૉ. સ્વાઈત્ઝરે કહ્યું, બુદ્ધ અને મહાવીરે કહ્યું : 'This world is full of suffering.' ત્યાગ, દાન, કરુણા, પરોપકાર, મૈત્રી વગેરે ગુણો-સદાચાર-આ દુ:ખને ઓછું કરવાના ઉપાયો છે. આ સંસાર એવો છે કે બત્રીસલક્ષણાનો ભોગ માગે છે : સોક્રેટિસ, ક્રાઈસ્ટ, ગાંધી. ઈશ્વરે આવી દુનિયા શા માટે પેદા કરી તે સવાલ પૂછવો નિરર્થક છે. જૈન ધર્મ કર્મનો સિદ્ધાંત આપી તેનો ખુલાસો કરે છે. સ્વાઈત્ઝરે કહ્યું : 'Not only this world is full of suffering but it is inexplicably mysterious.' તેને ઈશ્વરની લીલા કહી આપણે સમાધાન મેળવીએ છીએ.

છતાં સ્વાઈત્ઝરે કહ્યું' : 'I have not tried to withdraw myself from that community of suffering. I have had my full share of it.' - 'આ દુ:ખના સાગરમાંથી ભાગી છૂટવાનો મેં પ્રયત્ન કર્યો નથી પણ મારા ભાગે આવતો પૂરો હિસ્સો મેં લીધો છે.' આપણે સૌએ આ હિસ્સો લેવાનો છે.

આવું પરોપકારનું કરુણાનું, દયાનું કામ કરતાં ખૂબ સહન કરવું પડે છે, વેઠવું પડે છે. પણ એ યાતનાઓમાં જ તેનો આનંદ છે. સ્વાઈત્ઝરે કહ્યું છે : આ suffering જુદા પ્રકારનું છે : 'Rerely have I found happiness to be alive.' ગાંધીએ શું નથી સહન કર્યું ? પણ તેમાં જ તેમનો આનંદ છે અને આપણી મુક્તિ છે. This is the fundamental principle of ethical conduct. **तेन त्यक्तेन भुंजीथाः**। આચરી શકીએ તેટલું સાચું સુખ મળે છે.

❖❖❖

# મેરા ભારત મહાન... ?

મેરા ભારત મહાન અને આજે દરેક ભારતવાસી અંદર-બહારના આતંકવાદીથી છે પરેશાન!!

માત્ર દશ આતંકવાદીઓએ આપણા 'મહાન' ભારતને હાંફતું કરી દીધું!! સામી છાતીએ અનેકો આવ્યા હોત તો આપણાં સૈન્યે એની શી દશા કરી હોત? ત્યારે ભારત 'મહાન'ના નગારા વાગત જ. નજીકના ભૂતકાળ પાસે જાવ, આપણા સૈનિકો આ ભારતને મહાન સાબિત કરી ચૂક્યાં છે. ભારત સર્વ ક્ષેત્રે મહાન જ છે, મહાન રહેવાનું જ છે, એની મહાનતાનો 'તાજ' કોઈ છીનવી શકશે નહીં. કારણ કે આ ભારતના બહુસંખ્ય નાગરિકના જીવનમાં સતત પુરુષાર્થ છે, હિંમત છે, જીંદાદિલી છે, નિડરતા છે, બુદ્ધિ કૌશલ્ય છે, સહિષ્ણુતા છે અને ચિંતન છે.

પરંતુ આ મહાનતા ટકાવવા માટે આ ગુણોની સાથે 'જાગૃતિ'ની પણ એટલી જ જરૂરત છે. જેવો જન આક્રોશ અને જાગૃતિ તા ૨૬ નવેમ્બરની ઘટના પછી ઉમટ્યો હતો, એ ટકી રહેવો જોઈએ જ. નિર્માલ્ય અને બેજવાબદાર રાજકીય આગેવાનોને પ્રત્યેક ચૂંટણી સમયે ચૂંટી ચૂંટીને એમના ઘર ભેગા કરવા પડશે. આ તે કેવી લોકશાહી? નિર્દોષ નાગરિકો અને વફાદાર સિપાઈઓના જીવન હણાયા હોય, પ્રજા અસુરક્ષિતતાના ભયમાં તડપતી હોય, આક્રંદ અને આક્રોશ હોય ત્યારે 'રાજીનામું' આપી ઘર ભેગા થઈ જવાનું? કપડા ખંખેરીને ભાગી જવાનું? આવા રાજકીય નેતાઓને તો અદાલતમાં ખડા કરી એમનો 'હિસાબ' માગવો જોઈએ. જનતાને પૈસે 'જલસા' કરવાવાળા અને લાખોના ખર્ચથી સુરક્ષા કવચ સાથે ફરનારા એ બધાં રાજનેતા અને સનદી અધિકારીઓને એમની



□ ડૉ. ધનવંત શાહ

જવાબદારીની નિષ્ફળતા માટે કડકમાં કડક શિક્ષા થવી જોઈએ, લોક અદાલતમાં ખડા કરવા જોઈએ.

૨૬ મીની ઘટનાથી પ્રત્યેક નાગરિકનું મન ક્ષુબ્ધ બની ગયું છે. લોહી ઉકળી ઊઠ્યું છે. જેમણે અકારણ જીવન ગુમાવ્યા છે- અને એ થકી જે જે કુટુંબો અને બાળકો છિન્ન ભિન્ન થયા છે એ ઘટના માટે કોઈ ધર્મ ચિંતનનો તાળો બેસતો નથી! દશ આતંકવાદીઓ કે એમની પાછળ રહેલાં એમના આગેવાનોનું આ બધાએ આ જન્મમાં તો કાંઈ બગાડ્યું નથી જ. તો? પૂર્વ જન્મમાં આ બધાએ એ આતંકવાદીઓનું કાંઈ બગાડ્યું હશે? એ પણ સમૂહમાં! કયો કર્મનો સિદ્ધાંત અહીં 'કામ' લાગે છે? શૂન્યમનસ્ક થઈ જવાય છે!! બધાં ગ્રંથો થોથાં જેવા લાગવા માંડે છે. કદાચ આપણા જ્ઞાનની મર્યાદા હશે!!

નક્કી આ ઘટના ધર્મ ઝનૂનનું જ પરિણામ છે. જેને કાર્લ માર્કસે 'અફિણ' કહ્યું છે. બાળપણથી આવા 'અફિણો' પાવાવાળી શાળા વહેલી તકે જગતના સર્વે સ્થળે બંધ થવી જોઈએ. માનવ જે ધર્મમાં જન્મ્યો હોય કે પછી પાછળથી એણે જ ધર્મ અપનાવ્યો હોય, તો એને પોતાનો ધર્મ શ્રેષ્ઠ છે એ અનુભવવાનો હક છે, પણ 'મારો જ ધર્મ શ્રેષ્ઠ છે, સર્વથી શ્રેષ્ઠ છે' એવું કહેવાનો એને કોઈ અધિકાર નથી જ. એ માત્ર બાલિશતા જ છે. મૂળમાં આ 'કેફ' છે અને આ 'કેફ'માંથી જ બધાં વિનાશ ઊભા થાય છે. જેણે 'જન્નત' જોયું નથી, જેના અસ્તિત્વના કોઈ પૂરાવા નથી, એને પમાડવાનો 'પાનો' અને શુરાતન ચડાવાય છે, અને ગુલાબનાં ફૂલોને ધતૂરાના ફૂલો બનાવી દેવાય છે.

મહાવીર એટલે જ 'અનેકાંત' વાદનો સિદ્ધાંત જગતને આપ્યો. માત્ર આ એક સિદ્ધાંતનો પ્રચાર થાય તો જગત વિશ્વશાંતિના હિંચકે હિંચોળશે એની ખાત્રી.

ઈસ્લામ જેવા ઉચ્ચ કોટિના ધર્મને એના જ બંદાઓ અપમાનિત કરી રહ્યા છે. સાચો ધર્મ સમજ્યા નથી, એટલે એમાંના 'સાંચ'ને સમજાવવાની પાત્રતા એ ધર્મધૂરંધરોમાં નથી. અને 'કાચા' યુવાનોમાં 'કાચા'નું આરોપણ થાય છે. ભારતના મુસ્લિમ બંધુઓ ભારતમાં દુ:ખી નથી જ. સરકારે એમને ખોબલે ખોબલે આપ્યું છે, એ બધાં અહીં સુરક્ષિત છે. એટલે હવે એ બધાંએ જ જગતના આતંકવાદીઓને પોતાનો સંદેશો પહોંચાડવો પડશે. જે પોતાના ધર્મને સાચી રીતે સમજ્યા છે એમણે આ સંદેશો જગતને પહોંચાડવાનો છે. આ એમનો 'ધર્મ' છે. જો એ બધાં આ સંદેશાની 'બાગ' નહિ પોકારે તો એમની બધી બાંગમાં શબ્દો હશે, પણ ખુદાને પામવાનો અને એ

પરવરદિગાર પાસે પહોંચવાનો ધ્વનિ નહિ હોય.

૨૬ મીની ઘટના વિશે ઘણું લખાયું. ઘણાં આક્રોશ થયા.

*ભીખ્યા ભટક્યા, વિષ્ટિ, વિનવણી,*
*કીધાં સુજનનાં કર્મ,*
*આર્ય જનતા દૈન્ય ગણી તો*
*યુદ્ધ એ જ યુગ ધર્મ,*
*પાર્થને કહો ચ્હડાવે બાણ,*
*હવે તો યુદ્ધ એ જ કલ્યાણ.*

- કવિ ન્હાનાલાલ

જ્યારે જ્યારે આવી કોઈ કટોકટી આવે છે ત્યારે આપણને કવિ ન્હાનાલાલે એમના મહાકાવ્ય 'કુરુક્ષેત્ર'માં કૃષ્ણવિષ્ટિ સંદર્ભે લખેલી ઉપરની પંક્તિ યાદ આવી જાય છે. અને આપણે 'યુદ્ધ એ જ કલ્યાણ' એવા અંતિમ પોકારો પણ કરીએ છીએ. પરંતુ યુદ્ધ એ ક્યારેય કલ્યાણ નથી. એ માત્ર શક્તિ અને અહંમનું પ્રદર્શન છે. એ જો 'કલ્યાણ' હોત તો કુરુક્ષેત્રની અગણિત હિંસાનો આક્રંદ ન ઉઠત અને ઘણું અને ઘણાંને ગુમાવીને બધું મેળવ્યા પછી પણ બધું મૂકીને પાંડવોને હિમાલય જવું ન પડત.

'તમે આમ કર્યું એટલે હવે અમે આમ કરીશું, અમે પણ શક્તિશાળી છીએ' એવા પોકારો બૌદ્ધિક કે સંસ્કારી અભિગમ નથી. એ આક્રોશથી તો આવી ઘટનાના ગુણાકાર જ થવાના, પરંતુ 'એવું' અને 'આવું' ન બને એ માટે એના મૂળનો તલસ્પર્શી અભ્યાસ કરવો જરૂર છે.

નિર્દોષ અને વફાદારોની આ શહિદી માટે મહારાષ્ટ્ર કે રાષ્ટ્રના પ્રધાન મંડળે સામૂહિક પ્રાર્થના કરી? એ બધાં તો નવા નેતા ચૂંટવાની સ્વાર્થી કસરત કરવામાં વ્યસ્ત હતા!! આપણો દેશ અને આપણી જાત જેમને આપણે સોંપી છે એમની આ સંસ્કારિતા!! એમના કરતાં તો શહિદ થયેલા અધિકારીઓના કુટુંબીજનોને સલામ કે જેમણે કોઈ આર્થિક મદદ લેવાની વિનયપૂર્વક ના પાડી. આવા સમયે એક કરોડની કે લાખોની મદદની અને પોતાના હમદર્દી સ્વભાવની પબ્લિસિટીની તક કયા રાજકારણી જતી કરે? કોણ જતી કરે? આવા છે આપણા મહાનુભવો! ભાષાના નામે દેશના બાંધવોના ભાઈચારાને ભયમાં મૂકનાર બધી 'સેના' આ દિવસે ક્યા પાટિયા શણગારવા ગઈ હતી?

હજુ ઊંડા ઉતરીએ તો જણાશે કે આપણા સાંસદ સભ્યો અને પ્રધાનો આપણા સનદી અધિકારીઓના કેટલા બધાં ગુલામ છે એ આપણને ખબર છે? આ પીઢ અને રૂક્ષ ત્વચાના અધિકારીઓ આપણે ચૂંટલા પ્રતિનિધિને સ્પષ્ટ સંભળાવી દે છે કે 'તમે તો ત્રણ કે પાંચ વરસ માટે છો પછી તો તમારે તમારા કામ કરાવવા અમારી પાસે જ આવવું પડશે!!' એટલે દેશ ઉપર રાજ તો અમાપ સત્તાધારી આ સનદી અધિકારીઓ જ કરે છે!! એ બધામાં કેટલા ભ્રષ્ટાચારી છે એ પ્રજા જાણે જ છે. અંગ્રેજોએ આપેલી આ 'સિસ્ટમ'ને મૂળમાંથી બદલવાની જરૂર છે. આ અધિકારીઓ પોતાની ફરજમાં ક્યાં ગાફેલ રહ્યાં એની તપાસ શરૂ થઈ? ભ્રષ્ટાચારની નોટોના બંડલો સરકારી અધિકારીઓના ઘરમાંથી મળ્યા છે એ હકીકત પૂરવાર થઈ ચૂકી છે.

**સુખના દ્વાર ખોલવાની**
**ચાર માસ્ટર કી (ચાવીઓ).**

૧. માંદા પડીએ તેવું ખાવું નહીં.
૨. પાપ કરવું પડે તેવું કમાવું નહીં.
૩. દેવું થાય તેવું ખરચવું નહીં.
૪. ઝઘડો થાય તેવું બોલવું નહીં.

હવે તો પ્રત્યેક દેસવાસીઓએ પોતાનું રક્ષણ કરવા પોતે જ સક્ષમ થવું પડશે.

હવે હર પળ સર્વેએ એક જ પ્રાર્થના કરવાની કે આ સર્વ આતંકવાદીઓ પોતાના ધર્મને (આતંક ધર્મને નહિ) 'સાચી' રીતે સમજે. એ 'સાચી' રીતે સમજશે ત્યારે એ સર્વેને સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થશે. એવી સદ્‌બુદ્ધિ એમને પ્રાપ્ત થાવ એવી પ્રાર્થના પ્રત્યેક જીવ કરે અને આવી ઘટનાઓથી કોઈના પણ મનમાં નફરતના બીજનું રોપણ ન થાવ!!

ક્ષમા, પ્રેમ, કરુણા અને સદ્‌બુદ્ધિ માટે પ્રાર્થના એ જ સાચા અને સુખના માર્ગો છે. આ ચિંતનમાં જ ભારતની મહાનતા છે. અને એટલે જ જગતે ભારતને મહાન કહ્યો છે.

જે જે નિર્દોષ માનવ જીવોની હત્યા થઈ છે એ સર્વેના આત્માને પ્રભુ શાંતિ અર્પો. એ સર્વના કુટુંબીજનોને અને મિત્રોને આ દુઃખ સહન કરવાની પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ અર્પો. આપણે બધાં યત્‌કિંચિત રૂપે એ સર્વેને ઉપયોગી થઈએ.

અને ફરી નિષ્ક્રિય રાજનેતાઓ અને ભ્રષ્ટ અધિકારીઓ આપણાથી ચૂંટાઈ ન જાય એના માટે સજાગ અને સતર્ક રહીએ. મતદાનના દિવસે રજા ગાળવા બહારગામ જવું અને મત આપવા ન જવું એ રાષ્ટ્રીય અપરાધ છે. આપણે સજાગ નહિ રહીએ તો પછી આવી ઘટના વારે વારે થવાની જ.

લોકશાહીમાં ફેરફાર કરવાનો તેમજ યૌવન લોહી જેમનામાં થનગનતું હોય, જેમનામાં સર્જનાત્મકતા અને દેશને સર્વ રીતે અર્પણ કરવાની ભાવના હોય એવી નિષ્ઠાવાન વ્યક્તિઓને રાજકારણમાં પ્રવેશવાનો અને એવા નવા પક્ષના ઉદયનો સમય પાક્યો હોય એવું લાગે છે.

ૐ શાંતિ...... ૐ શાંતિ......

❖❖❖

# મોક્ષ



☐ ગિરીશ ગણાત્રા

સવારના સાડા સાતે ગિરધારી પાન્ડેજીની નાની હોટેલ પાસે આવ્યો. મેલુંઘેલું ધોતિયું, ધોતિયા પર આભના તારલા જેવા ઠેરઠેર લોહીના અને પરુનાં ટપકાં, મોં પર ચારેબાજુ નાનાં નાનાં ગૂમડાં. આખું શરીર ગૂમડાંથી ઊપસેલું અને એ બધું સંતાડવા એણે એવું જ બીજું મેલુંઘેલું ધોતિયું આખા શરીર પર ઓઢી રાખેલું જેથી ગડગુમડવાળું એનું શરીર લોકોની નજરે ન ચડે. જોકે ધોતિયું અને મોં જોઈને જ લોકોને ચીતરી ચડે એવા ગિરધારીના હાલ હતા.

એ પાન્ડેની હોટેલ પર આવ્યો. નાની લાંબી સાંકડી હોટેલમાં લોકો ચા પીતા બેઠા હતા. અડધો હોટેલની અંદર અને અડધો હોટેલની બહાર પાટિયા પર રહેલો પાંડેજીનો ગલ્લો આમ તો અડધો ફૂટપાથ પર જ ગણાય. ગલ્લાની પાછળ પણ પાટિયું લંબાયેલું હતું. એ નાનકડા પાટિયા પર ગિરધારી બેઠો અને પાન્ડેને કહ્યું -

'પાન્ડે, એક કપ ચા મોકલ ને.'

પાન્ડેએ થડાની પાછળ જાયું અને પછી હોટેલના અંદરના ખૂણામાં આવેલા કીચન તરફ જોઈ બૂમ મારી-

ટિનીયા, ગીધા માટે એનાં કપ-રકાબીમાં બહાર ચા મોકલ.

દસ-બાર વરસનો ટિનીયો એક જુદાં જ કપ-રકાબીમાં ચા લઈ આવ્યો અને જાણે અભડાતો હોય એમ ગિરધારીની બાજુમાં ચાનો કપ મૂકી અંદર ચાલ્યો ગયો.

ચા પીધા પછી ગિરધારીએ કહ્યું-

'પાન્ડે, એક બીડી પા ને.'

ગલ્લાની અંદર રાખેલી બીડીની ઝૂડીમાંથી એણે બીડી કાઢી અને ગિરધારીના ખોળામાં ફેંકી. પાછળપાછળ દિવાસળીનું બૉક્સ પણ ફેંકાયું.

ગિરધારીનો આ નિત્યક્રમ.

સવારના સાત-સાડા સાતની આસપાસ એ પાન્ડેજીની હોટેલ પર આવે. એને જોતાં જ સૌ સુગાળવા થઈ જતા. સવાર-સવારના આવા સડેલા આદમીનું મોં જોવાનું ચાતરતા. ચા પીતાં-પીતાં ભૂલેચૂકે જો આ ગિરધારી નજરે પડ્યો તો ચા પીવી પણ ભાવે નહિ. પણ પાન્ડેની હોટેલમાં લીલી ચા, ફૂદીનો ને આદુવાળી એવી અફલાતૂન ચા મળતી કે સૌ અહીં જ ચા પીવા આવતા. આમેય આ નાનકડા શહેરમાં પાન્ડેજી જેવી ભાગ્યે જ કોઈ હોટેલ હશે કે જે માત્ર ચા જ પીરસતી હોય. અહીં ચા સિવાય બીજું કંઈ મળે નહી અને ચાની કોઈ બીજી જાત જ નહિ, એક જ પ્રકારની ચા અને એક જ પ્રકારનો કપ. આખા-અડધાનો ભેદભાવ પણ નહિ. એક કપ અને એક ભાવ. કપ દીઠ પૈસા ચૂકવી ચાલતા થાઓ.

પાન્ડે અને ગિરધારી લગભગ સરખી ઉંમરના. સાથે ભણેલા અને સાથે રમેલા. યાત્રાના સ્થાન એવા આ નાનકડા શહેરમાં સાથે જ યજમાનગીરી કરેલી. જાત્રાળુઓને જુદાંજુદાં મંદિરમાં જઈ દર્શન કરાવવાં, મંદિરમાં વિરાજતાં દેવદેવીઓની નાનકડી કથા-વાર્તા સંભળાવી, આવડે એવા બે-ચાર શ્લોક બોલી, યાત્રાનું ફળ અર્પણ કરાવી પાઈ-પૈસો પામી લેતા.

ગિરધારીના બાપ બાલકિશનદાસે એક નાની એવી દેરી બાંધી એમાં કોઈ મૂર્તિ પધરાવેલી. દેરી બહુ નાની હતી. એના રંગઢંગ પણ બહુ આકર્ષક નહિ. પણ બહુ ઓછા યાત્રાળુ અહીં દર્શન કરવા આવતા. બાલકિશનદાસ જીવતા હતા ત્યારે એ મોટે ભાગે દેરીમાં બેઠા રહેતા. ગિરધારી આ પાન્ડે યાત્રાળુઓના હાથ પકડી પકડીને અહીં દર્શને લઈ આવતા. દેરીની આ આવકમાંથી બાલકિશનદાસ બન્નેને વાપરવા માટે પાઈ-પૈસો આપતા. પણ ગિરધારી ચૌદ વર્ષનો હતો ત્યારે માતા-પિતા ગુમાવી બેઠો. પરિણામે દેરીની દેખભાળ ગિરધારી પર આવી પડી.

ગિરધારી હવે થોડાં ફૂલ લાવતો, કંકુની વાટી રાખતો અને ત્રાંબાની નાનકડી ઝારી રાખતો. યાત્રાળુઓની શ્રદ્ધાને ઉપસાવવા એ અગડંબગડં શ્લોકો પણ બોલતો રહેતો. જોક યાત્રાળુઓની ઓછી આવકને કારણે એ બહુ કમાતો નહિ.

પણ એક દિવસ પાન્ડે કોઈ મોટા શહેરના શેઠિયાને પકડી લાવ્યો અને આ દેરીનાં સત-ચમત્કારની મોટીમોટી વાતો કહી. શેઠિયાનું કુટુંબ ભોળવાઈ ગયું. ગિરિધારીએ સૌને પૂજા કરાવી, પ્રતિષ્ઠાન થયેલી મૂર્તિના આશીર્વાદ અપાવ્યા અને સૌના કપાળે કંકુના ચાંદલા કરી આચમન લેવરાવ્યું.

શેઠે મનોમન કોઈ માનતા માની હશે અને એ ફળી ત્યારે દેરીના સ્થાને એક સરસ નાનકડું મંદિર બંધાવી દીધું.

ગિરધારીને હવે બખ્ખા થઈ ગયા. સુંદર નાનકડા મંદિરમાં હવે યાત્રાળુઓ એની મેળે આવતા થવા લાગ્યા.

આ મંદિર ગિરધારીની જીવાદોરી બની ગયું. એ કમાતો થઈ ગયો. મંદિરમાં મુકાતાં પાઈ-પૈસાને એ ઘરની એક સંદૂકમાં એકઠી કરવા માંડ્યો. નાની-નાની કોથળીઓ ધીરે-ધીરે મોટી-પહોળી થવા લાગી અને છેવટે એ એક કોથળામાં પુરાવા લાગી.

ગિરધારીને મન પૈસો કમાવાની ચીજ હતી, વાપરવાની નહિ. વાપરો તો પૈસો ઘસાય અને પાતળો થઈ જાય. લક્ષ્મી ચંચળ છે. ક્યારે જતી રહે એનો ભરોસો નહિ. એને તો પેટીમાં પૂરી તાળું જ મારી રાખવું સારું.

ગિરધારીની આ મનોવૃત્તિને કારણે કોઈને ખબર પડતી નહિ કે ગિરધારી પાસે કેટલી માલમતા છે. એનો લંગોટિયા મિત્ર પાન્ડેને અટકળ હતી કે ગિરધારીએ સારું એવું ભેગું કર્યું છે.

ગિરધારી પચ્ચીસ વર્ષનો થયો ત્યારે એક દુર્ઘટના બની. મંદિરના છત પર લાઈટનું કનેકશન કરવા જતાં એને શૉક લાગ્યો અને પછડાયો. સારી એવી ઊંચાઈથી પછડાતાં એ બહું જ ખરાબ રીતે ઘવાયો હતો. બાજુના મોટા શહેરની સાર્વજનિક હૉસ્પિટલમાં એને દાખલ કરવામાં આવ્યો. હૉસ્પિટલના ડૉક્ટરોએ એની સારવાર તો કરી, પણ હૉસ્પિટલમાંથી રજા આપતાં પહેલાં એને મોંઘી દવાઓ લખી આપી. દર મહિને ઍક્સ-રે લેવડાવી બતાવી જવાનું કહ્યું પણ ગિરધારી એમ પૈસા ખર્ચે ? ડૉક્ટરે લખી આપેલું દવાનું પ્રિસ્ક્રીપ્શન એણે ફેંકી દીધું. મનોમન બબડયો પણ ખરો : આ ડૉક્ટરોને ખબર લાગતી નથી કે કેટલી વીસુએ સો થાય છે !

પરિણામ એ આવ્યું કે ગિરધારીને ખૂંધ નીકળી આવી. પીઠ પાછળનાં હાડકાઓ આડાંઅવળાં થઈ ગયાં.

આવા ખૂંધિયાને કોણ પરણે ?

મંદિરમાં બેઠાબેઠા એની નજર ભેટ ધરાતા પૈસા પર જ પડતી રહેતી. મૂર્તિની સામે રાખેલી પેટીમાં ભાવિકો શું નાખે છે એના પર જ એનું લક્ષ્ય. રાત્રે એકાંતમાં એ પેટી ખોલતો અને લક્ષ્મીને દિવસનો તડકો દેખાડયા વિના એ પાછો ઘરની પેટીમા પૂરી દેતો.

જિંદગીના દિવસો કપાવા લાગ્યા.

અપૂરતો પોષણયુક્ત આહાર, શરીરસંભાળ પ્રત્યે બેદરકારી અને સમગ્ર મૂંજીપણાએ છેવટે પોતાનો પરચો બતાવ્યો. એ સડિયલ બની ગયો છતાંય દવા કરાવવાનું નામ ન લેતો. હા, કોઈ મફત દવા આપે તો લઈ લેતો. એવા ઊંટવૈદાવાળી દવાએ જ એના શરીરમાં વિકૃતિ જન્માવી દીધી.

ગિરધારીનો એક માત્ર મિત્ર તે આ પાન્ડેજી. બાળપણની દોસ્તી એણે નિભાવી હતી. એ દરરોજ સવાર-બપોર ગિરધારીને મફત ચા પાતો. જો કે આ 'મફત' શબ્દ એણે વ્યવહારરૂપે સ્વીકારેલો. ગિરધારી ક્યારેય ચાના પૈસા ન આપતો. આપે તો લઈ લેવાની પાન્ડેની તૈયારી હતી, પણ મૂંજી ગિરધારી પાસેથી દમડી છૂટે ? પાન્ડે પૈસા માગતો નહિ અને ગિરધારી આપતો નહિ !

એક બપોરે ગિરધારી ચા પીવા આવ્યો ત્યારે એણે પાન્ડેને પેટછૂટી વાત કરી નાખી-

> *જન્મ-મરણના ફેરા વચ્ચે*
> *જીવન જીવી જવાનું છે,*
> *બાંધી મુઠ્ઠી આવ્યા હતા ને*
> *ખાલી હાથ જવાનું છે.*

'પાન્ડે હવે છુટકારો થાય તો સારું.'

'શા સારું ?'

'હવે આ કષ્ટ સહન નથી થતું.'

'સહી લે, સહી લે.' પાન્ડે દાઢમાં બોલ્યો, 'હજુ તો ઘણા પૈસા ઉઘરાવવાના છે યાત્રાળુઓ પાસેથી. મંદિરમાં જે છોકરો તેં મૂક્યો છે એણે મને વાત કરી છે કે ગિધાકાકા રાત્રે પેટી ખોલે છે ત્યારે હવે પરચૂરણને બદલે નોટો નીકળે છે. પછી એ નોટોનું શું થશે ? તારા પટારામાં એને કોણ પૂરશે ? અને પછી દાઢમાં બોલ્યો પણ ખરો, 'આટલા વખતથી મારી મફત ચા પી જાય છે. મેં કદી તારી પાસેથી પૈસા માગ્યા નથી, પણ સાલ્લા, પેલા છોકરાને પેટપૂરતું તો આપ ! આખો દહાડો બિચારો પંચિયું પે'રીને મંદિરમાં બેઠો રહે છે, એને ભૂખ્યો રાખવાનું કષ્ટ આપે છે તો ઈશ્વર તને હવે કષ્ટ આપવાનું બાકી રાખે ? ભોગવ તારા, બીજું શું ?'

'એમ આકરાં વેણ ન બોલ, પાન્ડે. હવે આ શરીરની ગંધથી તો ગાયો પણ ભાગતી ફરે છે....હવે ભલો થઈને કંઈ રસ્તો બતાવ અને મને આમાંથી મુક્ત કર.'

ગિરધારી રડી પડયો.

પાન્ડેજીને થયું કે હવે આ ગિધો ખરેખર કંઈક મારગ માગે છે તો હવે એને બતાવવો તો પડે. એણે કહ્યું -

'જો એલા, પેટછૂટી વાત કરવાનો હોય તો જ વાત કર, નહિતર સવાર-બપોર મફત ચા પીવા પૂરતો જ સંબંધ રાખજે.'

'સાચું કહું છું, પાન્ડે, તને બધી પેટછૂટી વાત કરી દઈશ. બોલ, ક્યારે મારગ બતાવે છે ?'

'રાત્રે, આજે રાત્રે. વાળુ કરીને તારે ઘેર આવીશ. તે વખતે વાત કરીશ.'

રાત્રે પાન્ડે ગિરધારીને ઘેર ગયો.

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ**
*સંચાલિત*
**શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ–સેનેટોરિયમ**
**દ્વારા પ્રેરિત**
**ZALAWAD seréne - લોનાવલા**

**ઉપરોક્ત સેનેટોરિયમનું નુતનીકરણ પૂર્ણ થઈ ગયેલ છે. અત્યંત આધુનિક નુતનીકરણ સાથે ફરી સેનેટોરિયમનું બુકિંગ**
**તથા**
**Golden wing & Diamond wing**
**તા. ૧૧–૦૮–૨૦૨૩ થી કાર્યરત થશે.**

**મંત્રીઓ.**


એક રૂમ, રસોડું અને ઓશરીવાળા નાના ઘરને ડેલી હતી. ગિરધારી ઓશરીની થાંભલીને અઢેલીને બેઠોબેઠો કોઈ જૂના કપડાથી શરીરના પસને સાફ કરતો હતો.

'હઠ સડિયલ, જિંદગીમાં તારે કરવા જેવું એક જ કામ બાકી રહ્યું છે અને તે આ ગૂમડાઓનાં લોહી-પરુ સાફ કરવાનું.'

'એટલે તો તને બોલાવ્યો છે. પાન્ડે, મારો છુટકારો કર, મારો મોક્ષ કર.' 'કરી નાખું, પહેલા મને કહે કે તારી પાસે મૂડી કેટલી છે ?'

'મૂડીનું તારે શું કામ છે ?'

'કારણ કે મૂડી તારા છુટકારાનું કારણ છે, મોક્ષની ચાવી છે.'

ગિરધારીએ વિચારીને કહ્યું -

'બહુ નથી. ખાધાખોરાકી જેટલી માંડ.'

સડાક કરતો પાન્ડે ઊભો થઈ ગયો અને માથે ટોપી મૂકતો ડેલી ભણી ચાલ્યો. 'અરે અરે પાંડે, વાત અધૂરી મૂકીને ક્યાં ચાલ્યો ?'

'સાલા બેવચની, જુઠ્ઠાડા, હરામખોર. તેં મને વચન આપ્યું હતું કે તારી બધી વાત તું મને કશું છુપાવ્યા વિના કહેશે, પણ...'

''સારું. બેસ. તને બધું કહું છું,'' કહી ગિરધારીએ ડેલી બંધ કરી અને પછી પાન્ડેને ઘરમાં લઈ ગયો.

ઘરમાં જૂના જમાનાની ઍલ્યુમિનિયમની એક મોટી કોઠી હતી. અનાજ ભરવા માટે મોટા ગોળ પીપ જેવી. કોઠીનું તાળું ખોલી એણે પાન્ડેને એમાંથી કોથળા કાઢવાનું કહ્યું. પીપમાંથી ત્રણ કોથળા કાઢીને કહ્યું -

'આમાં મારી મૂડી છે.'

પાન્ડે ચકિત થઈ ગયો. બાજુની બે કોઠી તરફ આંગળી ચીંધી પૂછ્યું-

'આમાં શું છે ?'

'એમાં પણ... તું આ ત્રણ કોથળા તો ગણ.'

પાન્ડેએ અડધી રાત બેસી સાત કોથળાનું પરચૂરણ, નોટો અંદાજે ગણી ત્યારે એની આંખ ફાટી ગઈ !

'ભાઈ ગિરધારી, 'પાન્ડેએ કહ્યું,' જિંદગી આખી તેં ભગવાનના નામનો વેપાર જ કર્યો છે. એના નામે ઉઘરાણી કરી. હવે એના જ નામે વહેંચ.'

'શું વેચવાનું ?'

'વેચવાનું નહિ, વહેંચવાનું. ગામમાં ઘણા ગરીબ-ગુરબા છે. ભગવાનના નામે એનું પેટ ઠાર.'

'બે-ત્રણ મહિનામાં આ બધું સાફ થઈ જશે. પછી હું પોતે ખાઈશ શું ? મારે પોતાને કોઈ અન્નક્ષેત્રમાં જમવા જવું પડશે.'

'નહિ જવું પડે. એવો દિવસ આવશે તો મરશે ત્યાં સુધી હું તને ભૂખ્યો નહિ સુવાડું. હવે તારી જાતને, તારી મૂડીને, મને સોંપી દે. પહેલા તારે મો દવાદારૂ કર. બાકીનું તને ગોઠવી આપું છું'

પાન્ડેએ મૂડીની સરસ વ્યવસ્થા કરી આપી. મૂડીને બૅન્કમાં મૂકી એના વ્યાજમાંથી મંદિરની બાજુમાં નાનકડું અન્નક્ષેત્ર ખોલી નાખ્યું. ગરીબ-ગુરબાને, ગરીબ યાત્રાળુઓને એણે રોટી-દાળ આપવાનું શરૂ કરી દીધું. શહેરની હૉસ્પિટલમાં ગિરધારીના ઉપચારો શરૂ થઈ ગયા.

છ મહિના પછી ગિરધારી સાજોસમો થઈ મંદિર અને અન્નક્ષેત્રમાં કામ કરતો થઈ ગયો.

હવે તો માતબર યાત્રાળુઓ અન્નક્ષેત્રમાં એમના નામે ઘઉં-બાજરાની કે દાળની ગૂણીઓ નોંધાવતા થઈ ગયા. જેમજેમ ગિરધારી વહેંચતો ગયો, એમએમ ક્યાંય ને ક્યાંયથી મદદ મળતી રહી.

ગિરધારી જ્યારે મરવા પડ્યો ત્યારે પાન્ડેએ કહ્યું-

''ગિધીયા, હવે શાંતિથી મર. તારો મોક્ષ થઈ ગયો. તારે હવે આ ચોર્યાશી લાખના ફેરા નહિ ફરવા પડે. ઉપર ચિત્રગુપ્તના ચોપડેથી તારું નામું હવે નીકળી ગયું. મોડેમોડે પણ તેં જે કર્યું એ તો કોઈ લખપતિ શેઠિયો પણ ન કરી શકે. સુખેથી જીવ છોડ.''

પાન્ડેએ ગિરધારીના મોંમાં ગંગાજળ અને તુલસી પત્ર મૂક્યું. ગિરધારીએ શ્રીકૃષ્ણ શરણં મમનો જાપ જપ્યો અને...

ગિરધારીએ પ્રાણ છોડયા ત્યારે એના મોં પર જે શાંતિ હતી એવી ભાગ્યે જ કોઈ મૃત્યું પામતા ચહેરા પર હશે.

ગિરધારીનો ખરેખર મોક્ષ થઈ ગયો હતો. ❖❖❖

# દાનવીર..ધર્મવીર.. શાહ સોદાગર માણેકલાલ ચુનીલાલ શેઠ !



ઘરે આવી ચડેલા મહેમાનને જમાડવા માટે ક્યારેક જેમને ભૂખ્યા રહેવું પડતું હતું, એવા માં-દિકરાની આ વાત છે. એક દિવસ દીકરાએ માંને કહ્યું, 'માં ! બધા મુંબઈ જાય છે ને શેઠ બને છે, તો હું'યે મુંબઈ જઈને શેઠિયો બનું.'

માં કહે, 'બેટા ! આપણા નસીબના પડીયા કાણા છે. શેઠીયાની વાત તો શું વેઠીયા તરીકે'ય કોઈ આપણને રાખવા તૈયાર નથી. ને ઉધારીયા તરીકે આપણને બધા ધૂત્કારે છે. હવે તો ઉછીના'ય આઠ આના કોઈ દેતું નથી. તો શેઠીયાની વાત ક્યાં ?' ને બોલતા બોલતા માંની આંખ ભીની થઈ ગઈ.

દીકરાએ માંની આંખ લૂછીને કહ્યું, 'માં ! તું મારે હાથ મૂક, હું મુંબઈ જાઉં.' માં કહે, 'બેટા ! ટિકિટ ભાડાના પૈસા ક્યાંથી લાવવા ?' માંની વાત સાંભળી દીકરો'ય ઢીલો પડી ગયો. પણ.. એણે પ્રભુને પ્રાર્થના કરી એ બજારમાં ગયો, ઉધાર લેવા માટે. ઘણી દુકાને ફર્યો.

છેલ્લે.. એક વેપારીને દયા આવી. એણે ખૂબ સખતાઈ સાથે ને શરમ સાથે ૫૦/- રૂપિયા આપ્યા. ૫૦/- રૂપિયા લઈને એ સીધો મુંબઈ આવ્યો.

યાદ રહે, ધરતી પણ કંઈક કરતી હોય છે.

૫૦/- રૂપિયા લઈ મુંબઈ આવેલા એ યુવાનને નસીબે યારી આપી. ધંધો ખૂબ જામ્યો ને થોડાક જ સમયમાં એક સવારે બેગ લઈ એ પોતાને ગામ આવ્યો. માં તો દીકરાને જોઇ ગાંડી બની ખૂબ રડી. દીકરો કહે, 'માં ! પહેલા ચાલ, જેણે આપણને ગાડીભાડાના પૈસા આપ્યા'તા, તે શેઠને પગે લાગી આવીએ.'

માં-દીકરા શેઠની દુકાને ગયા. શેઠે માં-દીકરાને જોતા જ કહ્યું, 'અરે ! માણકો ક્યારે આવ્યો ?' ને.. માં-દીકરો શેઠના પગમાં પડ્યા. ને માણકાએ કહ્યું, 'શેઠ ! તમે તો મારા દેવતા ! તમારી દયાથી થોડુંક કમાયો, એટલે તમે આપેલા એ ગાડીભાડાના પૈસા પાછા આપવા આવ્યો છું.'

આટલું કહી શેઠના પગ પાસે બેગ ખોલી એણે ધડ-ધડ સો-સોની નોટનો ઢગલો કરી દીધો. શેઠ કહે, 'માણકા ! આ શું કરે છે ?' 'શેઠ ! પૂરા ૫૦,૦૦૦/- છે. તમારું ઋણ તો ક્યારેય નહીં ચૂકવી શકું. પણ.. એમાંથી થોડોક તો મુક્ત થાઉં.'

શેઠ કહે, 'મેં તો ૫૦/- રૂ. જ આપ્યા હતા, એના હું ૫૦,૦૦૦/- ન લઉં.' માણેક કહે, 'શેઠ ! તમારા એ ૫૦/- રૂપિયાએ આજે લાખો રૂપિયા મને આપ્યા છે. માટે તમે ના ન પાડશો. મારા સોગંદ...' ને માં-દીકરો દુકાનનું પગથીયું ઉતરી ગયા.

પછી તો નસીબે ઓર યારી આપી. એણે મુંબઈમાં મોટી જગ્યા લીધી. પ્રભુનું ઘર મંદિર બનાવ્યું. એમાં રત્નની પ્રતિમા બિરાજમાન કરી. એક દિવસ એક યુવાને એના ઘરે પ્રતિમા ચોરી, પણ.. એ પકડાઈ ગયો.

પકડાયેલા ચોરને પોલીસ ચોકીમાં આપવાના બદલે પોતાની પાસે બેસાડી એને પ્રેમથી પૂછ્યું, 'ભાઈ ! તે પ્રભુને ચોરવાનું પાપ કેમ કર્યું ?' પેલો યુવાન રડી પડ્યો. એણે કહ્યું, 'શેઠ ! શેર બજારમાં ૮૦,૦૦૦/- ચૂકવવાના છે. નહીં ચૂકવું તો આપઘાત કરવો જ પડશે, માટે મારે ચોરી કરવી પડી.'

આ યુવાને ચોરને પોતાના ઘેર લઈ જઈ જમાડ્યો, ગળે લગાડ્યો ને તિલક કરી એક લાખ રોકડા આપી વિદાય કર્યો. આ દીકરો એટલે બીજો કોઇ નહીં, પણ.. એક જમાનામાં જેના નામના ગીતો ગવાતા હતા, તે દાનવીર..ધર્મવીર.. શાહ સોદાગર માણેકલાલ ચુનીલાલ શેઠ !

કથા તો અહીં પૂર્ણ કરીએ. પણ.. જરાક વિચારીયે, શેર બજારમાં ફસાયેલા ને ચોરી કરતા પકડાયેલા ચોરને જો લાખ રૂપિયાની મદદ આપી એને ઉગારી લેનાર આ દુનિયામાં છે, તો આપણે કમ સે કમ કોઈ મૂંઝાયેલા ભાઇ-ભાંડુનો મૂંઝારો વધારીએ નહીં, એટલો તો સંકલ્પ કરીએ.

સારું કરનારનું સારું કરનારા બનીએ કે ન બનીએ, પણ.. ખરાબ કરનારનું ખરાબ કરનારા તો ન જ બનીએ. આટલું પણ જો થશે, તો જિંદગી સાર્થક થઇ જશે !!!

❖❖❖

## પ્રત્યેક ઝાલાવાડી સભ્યનું ઉત્તરદાયિત્વ

# ‘આધારસ્તંભ યોજના’

સમગ્ર જૈન સમાજમાં આદર્શરૂપ કહી શકાય તેવી આપણી માતબર સંસ્થાએ ૧૨૦ વર્ષની દીર્ઘયાત્રામાં સામાજિક ઐક્ય અને ઉત્કર્ષનાં ઉત્તમ કાર્યો સંપન્ન કર્યાં છે.

ઝાલાવાડી સભાના નવા આયામોમાં દાતાઓએ ઉદાર હૃદયે હંમેશા સાથ આપ્યો છે, પણ અમે એવું વિચાર્યું છે કે આ સામાજિક યજ્ઞમાં સહુનું યોગદાન જોઈએ – સામાજિક તમસને ઓગાળવા સહુએ એક દીવો પ્રગટાવવાનો – ઇશ્વરની મૂર્તિ માટે એક નાનકડી બાળકીએ આપેલા સિક્કા જેવો અમૂલ્ય દીવો.

આ યોજના મુજબ **નોટબુક, સ્વધર્મી સહાય, મેડિકલ રાહત યોજના** તથા અન્ય સહાય યોજના માટે એટલે **રૂા. ૧૧,૦૦૦/-** આપનાર પરિવાર તે વર્ષનો આધાર સ્તંભ અને ઉપરોક્ત યોજનાઓના સહયોગી દાતા બની શકશે. એક એક બુંદ થકી હોજ ભરાઈ જાય એવી આ વાત છે. આપણા સાધર્મિક બંધુઓને સહાયરૂપ થઈ શકીએ, વિદ્યાને ઉત્તેજન આપી શકીએ, અને માંદગીમાં મૂંઝાયેલા બંધુ-ભગિનીને હળવાશ આપી શકીએ...આપણું કશું આપીને અન્યને પ્રસન્ન કરવાની, દાનની નાનકડી ધારા વહાવવાની આ વાત છે.

આપણે જૈનો 'Really, we are blessed one.' લક્ષ્મીજીની કૃપા સદૈવ આપણા પર રહી છે. આમ પણ સત્કાર્ય સિવાય જીવનમાં કશું સાથે આવતું નથી એ આપણે સમજીએ છીએ. ઝાલાવાડી સભાના ૫૯૦૦ પરિવાર આખા વર્ષમાં કેવળ એક જ વખત ૧૧,૦૦૦/- રૂા.નું અનુદાન કરી સભાના પ્રકલ્પોને વેગવાન બનાવે. સભા સાથેનું સાતત્ય જાળવી રાખે એવી અમારી નમ્ર અરજ છે. વર્ષભરમાં આવતા મંગલ પ્રસંગોની સ્મૃતિમાં સભા તમારા હૈયે રહેવી જોઈએ એવી અપેક્ષા છે. ઝાલાવાડી સભાના આધારસ્તંભ બનવાનું ગૌરવ અને સંતોષ આપને પ્રાપ્ત થશે એટલું ચોક્કસ...

- આપનો ચેક ‘Zalawadi Sabha Charitable Foundation’ના નામનો મોકલવા વિનંતી.
- આપનું દાન ૮૦-જી અન્વયે કરમુક્ત રહેશે.

**આ યોજનામાં જોડાનાર વધુ બડભાગી દાતાઓ : દરેકના રૂા. ૧૧,૦૦૦**

- પિતાશ્રી મુગટલાલ જગજીવનદાસ ડેલીવાલાના સ્મરણાર્થે હસ્તે રંજનબેન મુગટલાલ ડેલીવાલા તથા જૈનમ, ધાર્મિક, તારકા, મિનેષ ડેલીવાલા (હાલ - કાંદિવલી)
- પિતાશ્રી મુગટભાઈ ગફલભાઈ દોશીની પુણ્યસ્મૃતિમાં, હસ્તે રૂપાબેન ઉપેનભાઈ, નૂતનબેન કિરીટભાઈ તથા ઉષાબેન (ઘાટકોપર)
- શ્રી કમલેશભાઈ નવિનભાઈ શાહ (રાયચુરવાલા) તરફથી યશોવર્ધન કમલેશ શાહના ગોળધાણા નિમિત્તે
- બોટાદ નિવાસી, હાલ - બોરીવલી (વેસ્ટ) ભારતીબેન તથા મુકેશભાઈ ન્યાલચંદ શાહના પૌત્ર અને ખુશ્બુ તથા સુરીલભાઈ મુકેશ શાહના પુત્ર ચિ. વિયાનના જન્મદિવસ નિમિત્તે (Suman Metalloys)

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
# ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે. **સેનિટોરિયમનું ઓનલાઈન બુકિંગ ચાલુ છે. પત્રિકામાં છપાતી જાહેર ખબરની રકમ તથા સંસ્થાને મળતું ડોનેશન હાલમાં online સ્વીકારવામાં આવે છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| લોનાવલા : મિલનભાઈ<br>9860125136<br>પંચગીની : નિરવભાઈ<br>9819012468 | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>9867748120 | પત્રિકા જાહેરખબર<br>દેવલાલી :<br>આશાબેન<br>9819956529 | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>9099350644 / 9426756100<br>મુંબઈ - મિલનભાઈ તુરખિયા<br>9860125136 / 7208472884 |

**તા. ૪-૧-૨૦૨૧થી સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**Please Note Office New Mobile No.**

## 7208472884 • 7208481791 • 7208472744

**ઝાલાવાડી સભાના સભ્યોને વિનંતી કે જેમના વડીલ અવસાન પામ્યા હોય તેમની માહિતી ઓફિસમાં જણાવવી. ઘરના અન્ય વ્યક્તિએ નવું સભ્યપદ લેવાનું રહેશે. આપણા સ્થાનિક પ્રતિનિધિઓ પાસે માહિતી હોય તો ઓફિસમાં જણાવી તેમના ઘરના અન્ય વ્યક્તિને નવા મેમ્બર બનવા માટે જણાવવા વિનંતી.**

**મુંબઈ ઑફિસ**

Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai

**301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street,**
**(Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.**

**Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM**

**Please Note Office New Mobile No.**

## 7208472884 • 7208481791 • 7208472744

# સ્વપ્નમાં જોઈ તને મેં રાતભર, ને સવારે હાથમાં ઝાકળ મળે



☐ ડૉ. શરદ ઠાકર

પ્રોફેસર સ્તવન કૉલેજની લાઈબ્રેરીમાંથી બહાર નીકળતા હતા ત્યાં જ પાછળથી અવાજ આવ્યો : 'સર...' પ્રોફેસરને લાગ્યું કે એમના કાનમાં જાણે મધપૂડો ઠલવાયો. એમણે પાછળ ફરીને જોયું તો એ સ્તુતિ હતી. એફ.વાય.બી.એ.માં અભ્યાસ કરતી એમની પ્રિય વિદ્યાર્થિની.

'અરે સ્તુતિ ? તું ? સાંભળ્યું છે કે તારા પપ્પાની ટ્રાન્સફર થઈ ગઈ.'

હા, સર. અમે આવતી કાલે સુરત જઈએ છીએ. આજે કૉલેજમાં મારો છેલ્લો દિવસ છે.' સ્તુતિની આંખો ભીની હતી.

'ઓહ નો ! સ્તુતિ આખી કૉલેજ તને મિસ કરશે.'

'અને હું તમને મિસ કરીશ, સર ! સુરતમાં મને તમારા જેવા પ્રાધ્યાપક નહીં મળે, જે શુક્રાચાર્ય જેવા તેજસ્વી હોય, ગાંધીજી જેવા સાદા હોય અને સંત જેવા સરળ હોય.' સ્તુતિની પ્રશંસામાં સત્ય જ સત્ય હતું. ખુશામત શૂન્ય હતી.

'બેટા, તારા શબ્દો સાંભળવા મને ગમે છે, પણ સુરતની આર્ટ્સ કૉલેજમાં પણ સારા પ્રાધ્યાપકો હોઈ શકે છે. કમસે કમ એકને તો હું ઓળખું છું. એ પુરુષ નથી. મહિલા છે. સ્નિગ્ધા એમનું નામ. તું એમને મળજે. એ તને મારી ખોટ સાલવા નહિ દે.'

'એ તમારાં પરિચિત છે ?'

'અમે વરસો પહેલાં સાથે ભણતાં હતાં. એને મારું નામ યાદ ન આવે તો મારું આ વિઝિટિંગ કાર્ડ તને આપું છું. એ તું એને બતાવજે. તેમ છતાં જો એ મને ઓળખી ન શકે તો કહેજે કે તમારી સાથે કૉલેજમાં એક બાઘો, બબૂચક, બોચિયો વિદ્યાર્થી હતો, એમ કહી ખિસ્સામાંથી એક સાદું, સસ્તું કાર્ડ કાઢીને સ્તુતિના હાથમાં મૂક્યું.

કાર્ડને પર્સમાં સરકાવતી સ્તુતિ હસી પડી : 'સર, તમે ખરેખર એવા હતા ?'

'હતો તો નહિ, પણ કદાચ એવો લાગતો હોઈશ. દૃષ્ટિ દૃષ્ટિનો ફરક છે. અત્યારે તમને જે મારી બુદ્ધિમત્તા લાગે છે એ જ વસ્તુ એ વખતે બાઘાઈમાં ખપતી હશે. મારી સાદગીનું જૂનું નામ કદાચ 'બોચિયો' હશે અને આજની મારી સરળતા એ વખતે 'બબૂચક' તરીકે ઓળખાતી હશે.'

પ્રો. સ્તવનના શબ્દોમાં કટાક્ષ ઓછો હતો અને કરુણતા વિશેષ હતી. એમના ચહેરા પર છવાયેલો વિષાદભાવ વાંચીને સ્તુતિ સરકી ગઈ.

પ્રો. સ્તવન ક્યાંય સુધી અતીતની યાદોમાં યાત્રા કરતા રહ્યા. સુડતાલીસ વરસના મટીને સત્તરના બની ગયા. આંખો સમક્ષ એમની જ ઉંમરની એક પાતળી, ગોરી, ઘાટીલી કાયા અને નમણા ચહેરાવાળી છોકરી રમી રહી. એ સ્નિગ્ધા હતી, જે શહેરના સૌથી વધુ શ્રીમંત વેપારીની પુત્રી હતી. ભણવામાં હોશિયાર હતી. સ્વભાવમાં ચંચળ હતી. વાતચીતમાં નટખટ હતી. અને... પ્રથમ નજરે જ સ્તવનની છાતીમાં ઘર કરી બેઠી હતી.

એને પહેલી વાર જોઈ એ ક્ષણથી જ સ્તવનની નીંદર હરામ બની ગઈ હતી. જમવામાંથી રસ ઊડી ગયો હતો. સતત એક મહિનાની પરેશાની વેઠ્યા પછી એને થયું કે શરીરમાં હૃદય નહિ હોય તો ચાલી જશે, પણ હૃદયમાં સ્નિગ્ધા નહિ હોય તો જીવી નહિ શકાય. એક વિચાર એ પણ આવી ગયો કે સ્નિગ્ધા પાસે જઈને એના પ્રેમનો એકરાર કર્યે જ છૂટકો છે. અવ્યક્ત લાગણીની ભીંસ એની છાતીને ફાડીને ચકનાચૂર કરી નાખશે.

મક્કમ નિર્ધાર સાથે એક દિવસ સવારે કૉલેજ શરૂ થવાના સમયે એ 'મેઈન ગેટ' પાસે સ્નિગ્ધાની રાહ જોઈને ઊભો રહ્યો. એક પછી એક વિદ્યાર્થીઓનું આગમન થતું રહ્યું, કૉલેજ શરૂ થયાનો ઘંટ વાગ્યો, પરંતુ સ્નિગ્ધા ન આવી. સ્તવન દરવાજા પાસેથી ખસ્યો નહિ. એ સામાન્ય ઘરનો છોકરો હતો. ભણવમાં હંમેશાં પહેલો નંબર લાવતો, બીજો નંબર કાયમ સ્નિગ્ધાના ફાળે જતો હતો. એ દિવસે પણ રોજની જેમ સ્તવને લેંઘો અને લાંબી બાયનું ખમીસ ધારણ કર્યાં હતાં. પગમાં સ્લીપર્સ હતાં. દાઢી મુફલિસની અને આંખો દેવદાસ જેવી હતી. સવા અગિયાર વાગ્યા અને ત્યાં સ્નિગ્ધા આવી. એને આવતાં મોડું થયું હતું એટલે એના પપ્પાની ગાડીમાં એ આવી હતી. ડ્રાઈવર ગાડી ચલાવતો હતો અને સ્નિગ્ધા પાછળની સીટમાં રાજકુમારીની મગરૂર છટાથી બેઠી હતી.

'બસ, ગાડી અહીં જ ઊભી રાખ.' સ્નિગ્ધાએ ડ્રાઈવરને આદેશ આપ્યો. અને એ ઊતરી પડી. સ્તવન ભિખારીની જેમ એને જોતો રહ્યો. એને થયું કે એની એને

સ્નિગ્ધા વચ્ચેનું આર્થિક સ્થિતિનું અંતર એટલું લાંબું હતું કે એના બોલાયેલા પ્રેમના શબ્દો એ અંતર ક્યારેય કાપી નહિ શકે. પ્રેમની અભિવ્યક્તિ વરાળ બનીને ઊડી ગઈ.

પણ શબ્દો મરી જવાથી ઈચ્છાઓ ક્યારેય આથમી જતી નથી. થોડા દિવસો બાદ ફરીથી સ્તવને હિંમતના પોટલાને ગાંઠ મારીને માથે ચડાવ્યું. બપોરની રિસેસમાં સ્નિગ્ધા એકલી ઊભી હતી. ત્યાં નોટિસ બોર્ડ આગળ એ પહોંચી ગયો.

'સ્નિગ્ધા, મારું નામ સ્તવન...' એણે શરૂઆત જ નબળી રીતે કરી.

'જાણું છું. બોલો શું કામ છે ?' સ્નિગ્ધાએ સમભાવપૂર્વક પૂછ્યું.

પણ સ્તવન ગેં ગેં ફેં ફેં થઈ ગયો. એ જાજરમાન રૂપ, એ મનમોહક અદા, એ વિશાળ, ભાવવાહી નેત્રો અને લાલ શેતૂર જેવા રસદાર હોઠ, સ્તવન અંજાઈ ગયો.

'મારે... હું તમારી પાસે તર્કશાસ્ત્રની ગઈ કાલના લેક્ચરની નોટ્સ છે ? હ... હું કાલે ગેરહાજર... મારી પાસે...'

'કોને મૂર્ખ બનાવો છો ? સ્તવન, ગઈ કાલે લોજિકના પિરિયડમાં મેં મારી સગ્ગી આંખે તમને નોટ્સ લખતા જોયા છે. જુઠ્ઠું શા માટે બોલો છો ? જે કહેવું હોય એ સાફ સાફ કહી દો ને ?' સ્નિગ્ધાની આંખોમાંથી તેજ વરસતું હતું.

સ્તવનનું મોં સિવાઈ ગયું. એ પાછો વળી ગયો. એની પીઠ પાછળ સ્નિગ્ધાનું અટ્ટહાસ્ય ખંજરની જેમ ભોંકાયું. સાથે ઠઠ્ઠાભર્યો શબ્દ પણ : 'સાવ બાઘ્ઘો છે !'

એ પછી પણ સ્તવને અનેક પ્રયાસો કરી જોયા, પરંતુ એ પ્રયાસોના યુદ્ધમાં હિંમતનું આયુધ ગેરહાજર હતું. આસમાનમાંથી ઊતરી આવેલા રૂપની ઝાકઝમાળ પાસે એક ફાટેલો-તૂટેલો પ્રેમી સતત માત થતો રહ્યો. એમાંય છેલ્લા બનાવે તો સાવ ભાંગી નાખ્યો.

એક વાર બપોરના સમયે એ કૉલેજના કોરિડોરમાંથી પસાર થઈ રહ્યો હતો અને પાછળથી એની પીઠ ઉપર કંઈક ફેંકાયું. એ કાગળનો ડૂચો હતો. એણે કાગળ ઉકેલીને વાંચ્યો. અંદર એના માટે કેટલાંક 'સુંદર' વિશેષણો લખાયેલાં હતા : બાઘો, બોચિયો, બબૂચક...સ્તવન...એણે જોયું તો પાછળ સાત-આઠ કૉલેજકન્યાઓનું ટોળું આવી રહ્યું હતું. એમાં સ્નિગ્ધા પણ સામેલ હતી. આસપાસમાં બીજું કોઈ જ ન હતું. સ્પષ્ટ વાત હતી કે કાગળ આ છોકરીઓમાંથી જ કોઈએ ફેંક્યો હોવો જોઈએ.

સ્તવન ગુસ્સાથી તમતમી ઊઠ્યો : 'આ તમારું કામ છે ?'

બધી છોકરીઓ એકબીજાની સામે જોવા લાગી. સ્નિગ્ધાએ સાવ અજાણ બનીને ચહેરા પર ભોળપણ પાથરીને સામે પૂછ્યું: 'ના રે ભાઈ ! અમે શા માટે કોઈનીયે ઉપર આવો ઘા કરીએ ! પણ એ કાગળમાં છે શું એ તો જણાવો. કોઈનો પ્રેમપત્ર છે ?'

સ્તવન શું બોલે ? ચૂપચાપ દોડવાની ઝડપે ચાલ્યો ગયો. પાછળ ફરી વાર કાબરોના કલશોર અટ્ટહાસ્યનું ખંજર બનીને ભોંકાયું. એ ઘટના પછી સ્તવને સ્નિગ્ધાના વિચારો ઉપર પૂર્ણવિરામ મૂકી દીધું. કૉલેજનો અભ્યાસ પૂરો થયા બાદ સ્નિગ્ધા તો પરણી ગઈ. એનો વર સુખી હતો, પણ માત્ર શોખ ખાતર સ્નિગ્ધાએ કૉલેજમાં નોકરી સ્વીકારી હતી. એ બધી વાત સ્તવનના કાન ઉપર આવતી રહી.

સ્તવન પરણ્યો નહિ. સ્નિગ્ધાને ચાહ્યા પછી એ જિંદગીમાં કોઈ સમાધાન સાથે ફેરા ફરી શક્યો નહિ અને આજે ત્રીસ વરસ પછી એની વિદ્યાર્થિની સ્તુતિ આગળ પહેલી વાર એ સ્નિગ્ધા સાથેનો સમય સંભારી બેઠો.

સ્તુતિ તો સુરત જવા ઊપડી ગઈ, પણ એના ગયા પછી એક અઠવાડિયા બાદ પ્રો. સ્તવનના સરનામે એનો પત્ર આવ્યો. બંધ લિફાફામાં ટૂંકો પત્ર હતો : 'સર, સ્તુતિનાં વંદન. હું સ્નિગ્ધા મે'મને મળી. તમારું નામ આપ્યા પછી કાર્ડ આપવાની જરૂર ન હતી. છતાં મેં આપ્યું. એ ક્યાંય સુધી તમારા નામ ઉપર ભીની નજરને ફેરવતાં રહ્યાં. પછી બબડ્યાં : 'બાઘો, બોચિયો, બબૂચક... સ્તવન !'

મેં પૂછ્યું : 'તમે અમારા લાડીલા સરને માટે આવા શબ્દો કેમ વાપરો છો ?'

તો કહે : 'બીજું શું કરું ?' હું જાણતી હતી કે એ ગાંડો મારી પાછળ પાગલ છે. મને ચાહે છે, પણ એને ક્યારેય ખબર ન પડી કે... આ સ્નિગ્ધાને પણ એ પસંદ હતો. મને લક્ષ્મીનું આકર્ષણ તો ક્યારેય હતું જ નહિ. મુફલિસીના વાઘા પહેરેલી મહોબ્બત પણ મને મંજૂર હતી, પણ સ્તવન ક્યારેય એના પ્રેમનો એકરાર કરવાની હિંમત બતાવી શક્યો નહિ. એને કદીયે એ વાતની જાણ ન થઈ કે પ્રેમની પહેલ તો પુરુષે જ કરવી પડે. મૂંગા-બોબડા બની રહેવાથી તમને સહાનુભૂતિ મળી શકે, તમારી પ્રેમિકા ન મળી શકે. અત્યારે જે પુરુષ મારો પતિ છે એણે મને પહેલી જ મુલાકાતમાં પહેલી જ મિનિટમાં પહેલું જ વાક્ય આ કહ્યું હતું: 'સ્નિગ્ધા, તું મને ગમે છે. તું મારી સાથે લગ્ન કરવા તૈયાર છે ?' અને મેં હા પાડી દીધી.

પ્રો. સ્તવન સ્તબ્ધ બની ગયા. પત્રને અંતે સ્તુતિ લખતી હતી : 'સર તમે આવું કેમ કર્યું ? સ્નિગ્ધા મે'મ આ ઉંમરે પણ કેટલાં સુંદર દેખાય છે ? તમે પ્રેમ કરી શક્યા, પણ હિંમત કેમ કેળવી ન શક્યા ?'

પ્રો. સ્તવને આંખો લૂછી : 'બેટા, દુનિયાભરના પુરુષોમાં મોટા ભાગનાની આ જ તકલીફ છે. એમને પ્રેમ કરતાં આવડે છે, પહેલ કરતાં નથી આવડતું.'

❖❖❖

# સૌથી પૈસાદાર કુટુંબ !



**ડૉ. આઈ. કે. વીજળીવાળા**

૧૯૪૬ની સાલની આ વાત છે. પરદેશના એક નાનકડા ગામમાં એક વિધવા એની ત્રણ દીકરીઓ જોડે રહેતી હતી. મોટી દીકરી ૧૬ વરસની, વચલી ૧૪ વરસની અને સૌથી નાની ૧૨ વરસની. બે દીકરાઓ હતા પણ યુવાન થયા બાદ બંને ઘર છોડીને ચાલ્યા ગયેલા. પાંચેક વરસ પહેલાં મૃત્યુ પામેલો પતિ ગરીબાઈ, છોકરાંઓની લંગાર અને અસહ્ય હાડમારી સિવાય બીજું કંઈ મૂકતો નહોતો ગયો. દુનિયામાં ઘણી બધી વસ્તુઓ વગર ચલાવીને પણ આનંદથી જીવી શકાય તે આ મા-દીકરીઓને બરાબર આવડી ગયું હતું. હાડમારીઓની વચ્ચે પણ એમના દિલમાં ભગવાન પ્રત્યે ખૂબ જ શ્રદ્ધા હતી. દર રવિવારે એ લોકો સામૂહિક પ્રાર્થનામાં અચૂક હાજરી આપતાં.

એક રવિવારે પાદરીએ ચર્ચમાં હાજર દરેક જણને પૈસા બચાવવાની તાકીદ કરી અને જણાવ્યું કે ત્રણ અઠવાડિયાં પછી આવી રહેલા ઈસ્ટરના તહેવારમાં જે પૈસા દાનમાં એકઠા થશે તેમાંથી એ ગામના સૌથી ગરીબ કુટુંબને મદદ કરવામાં આવશે.

પ્રાર્થના પૂરી થયા પછી ઘરે પાછા ફરતી વખતે મા-દીકરીઓએ પૈસા કેવી રીતે બચાવવા તેની યોજના નક્કી કરી નાંખી. પોતાના તરફથી પણ એ ગરીબ કુટુંબને બની શકે તેટલી સહાય કરી શકાય તે માટેના પ્રયત્નો શરૂ કરી દીધા. એ વીસ દિવસ એમના માટે જાણે ઉત્સવના દિવસો હતા. લીલાં શાકભાજીને તિલાંજલિ આપીને એમણે ફક્ત બટેટાનું શાક બનાવવાનું શરૂ કર્યું. રાત્રે વહેલાં સૂઈ જઈને લાઈટની જેટલી બચત થઈ શકે તેટલી કરવી એવું પણ નક્કી કર્યું. મોટી દીકરીએ ઘરના વાડા સાફ કરવાની તેમજ નાની દીકરીએ આજુબાજુના લોકોનાં બાળકોને સાચવવાની કામચલાઉ નોકરી શરૂ કરી. પેલી સ્ત્રીએ શણના રેસાઓમાંથી ટપાલ રાખવાની સરસ મજાની કોથળીઓ બનાવીને વેચવાની શરૂ કરી. ત્રણેયના મગજ પર એક જ ધૂન સવાર હતી કે બને તેટલા પૈસા બચાવી પેલા ગરીબ કુટુંબને મદદરૂપ થવું.

ઈસ્ટરને ચાર દિવસની વાર હતી ત્યારે એમને બચતના પૈસા ગણ્યા. પૂરા ૮૭ ડૉલર (લગભગ ચાર હજાર રૂપિયા) ભેગા થયા હતા. ત્રણેય દીકરીઓ તો ખુશીથી નાચવા લાગી. આટલા બધા પૈસા તો એ લોકોએ પણ એકસાથે ક્યારેય નહોતા જોયા. આ પૈસા મળશે ત્યારે પેલું ગરીબ કુટુંબ કેટલું ખુશ થશે એ વિચારથી જ એમનો આનંદ ક્યાંય સમાતો નહોતો. ત્રણેય બહેનો બાજુની કરિયાણાની દુકાને જઈને છૂટા પૈસાની જગ્યાએ ૨૦ ડૉલર્સની ચાર અને એક એક ડૉલરની સાત નવીનક્કોર નોટ લઈ આવી. એ લોકોએ એ વરસે ન તો નવાં કપડાં સીવડાવ્યાં કે ન નવા બૂટ લીધા. જૂનાં કપડાંને હાથસિલાઈ કરી લીધી અને બૂટની અંદર પૂઠાંનું પૅકિંગ કરી. થોડાં વધારે દિવસ ચાલે એવા બનાવી દીધા.

એમ કરતાં ઈસ્ટરની આગલી રાત આવી પહોંચી. હરખની મારી ત્રણેય બહેનોની ઊંઘ જ જાણે ઊડી ગઈ હતી. સવારે ખૂબ વહેલાં ઊઠી ઘરનું કામ પતાવીને ચારેય નીકળી પડ્યાં. ચર્ચ તેમના ઘરથી એકાદ કિલોમીટર દૂર હતું. ગીતો ગાતાં અને આનંદથી કૂદતાં એ લોકો ક્યારે ચર્ચમાં પહોંચી ગયાં એનો એમને ખ્યાલ જ ન રહ્યો. ત્યાં હાજર બધાં લોકો એમનાં જૂનાં કપડાં અને તૂટેલાં જોડાની મૂંગી નોંધ લઈ રહ્યાં હતાં એનાથી પણ ચારેય અજાણ હતાં. એમના મનમાં તો બસ પેલા ગરીબ કુટુંબને મદદરૂપ થવાની રીતસરની તાલાવેલી જ લાગી હતી.

આખરે એ ઘડી આવી પહોંચી. સમૂહ પ્રાર્થના પછી ગરીબોને મદદ કરવાની રકમ એકઠી કરવા માટેનો થાળ ફેરવવામાં આવ્યો. આ લોકો પાસે એ થાળ પહોંચ્યો ત્યારે માતાએ ૨૭ ડૉલર નાંખ્યાં અને દરેક બહેને વીસ વીસ ડૉલરની નોટ નાંખી. જાણે જિંદગીનું કોઈ મહાન સ્વપ્ન સિદ્ધ થઈ ચૂક્યું હોય તેવો રોમાંચ ચારેય જણ અનુભવી રહ્યાં


**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા-મુંબઈ**

**કાર્યવાહક સમિતિના**

**કો-ઓપ્ટેડ સભ્ય**



**શ્રી જયેશભાઈ બચુભાઈ ઝોબાલીયા**

**અંધેરી**

હતાં. ચર્ચમાંથી નીકળ્યા પછી જે રીતે ગીતો ગાતાં ગાતાં એ લોકો આવેલાં એમ જ નાચતાં-ગાતાં ઘરે પાછાં ફર્યાં. જે કુટુંબને આ પૈસા મળશે તે કેટલું ખુશ થશે એ વિચાર એમને વારંવાર રોમાંચિત કરી મૂકતો હતો. એ રાત્રે ખૂબ જ વરસાદ પડ્યો. બધાં ખૂબ વહેલાં સૂઈ ગયાં.

સવારે કોઈ વાહનના હૉર્નના અવાજથી એ લોકો જાગી ગયાં. પેલી સ્ત્રીએ બારણું ખોલીને જોયું તો પાદરી ઊભા હતા. અભિવાદન પછી એમણે આ સ્ત્રીને એક કવર આપ્યું અને વિદાય લીધી. પેલી સ્ત્રીએ કવર ખોલ્યું. અંદર એક ચિઠ્ઠી અને એકસો ડૉલરની નોટો હતી. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, 'આપણા ગામના સૌથી ગરીબ કુટુંબને ચર્ચની ઈસ્ટરસહાય યોજના પેટે'

એ લોકો માથે જાણે વીજળી પડી. મા-દીકરીઓ ચારેય સ્તબ્ધ થઈ ગયાં. ઘણા સમય સુધી ચારમાંથી કોઈ કાંઈ ન બોલ્યું. ૮૭ ડૉલર આપતી વખતે પોતાને સૌથી સમૃદ્ધ ગણતાં એ ચારેય એક ઝાટકે ગરીબીની રેખા નીચે ધકેલાઈ ગયાં હતાં. આજ સુધી દરેક અભાવની વચ્ચે એ લોકો એવી સરસ રીતે જીવ્યાં હતાં કે કોઈ અભાવ ક્યારેય સાલ્યો નહોતો. પેઢીઓથી ઘરમાં સચવાયેલાં ચાંદીનાં વાસણો આજુબાજુવાળાને એ લોકો સારા પ્રસંગોએ વાપરવા પણ આપતાં. ક્યારેક આડોશી-પાડોશીને એ લોકો નાની-મોટી મદદ પણ કરતાં. પોતે ખરેખર ગરીબ છે એવી તીવ્રતાપૂર્વકની અનુભૂતિ એ લોકોને આ પ્રથમ વખત જ થઈ હતી. માતા તેમજ દીકરીઓ એકબીજાને વળગીને ખૂબ જ રડ્યાં. આઠ દિવસ સુધી એકેય બહેન નિશાળે પણ ન ગઈ. ત્રણેય બહેનો પોતપોતાના ક્લાસમાં પ્રથમ નંબરે આવતી પણ હવે પોતે ગામમાં સૌથી ગરીબ છે એ વાતની એમને શરમ આવતી હતી. કોઈ પોતાની સામે જુએ તો ત્રણેય બહેનો નીચું જોઈ જતી. પોતે સૌથી ગરીબ છે તેવો ભાવ એમના રોમેરોમમાં જાણે કે આલેખાઈ ગયો હતો. ત્યારપછી એક મહિના સુધી એ લોકો ચર્ચમાં જ ન ગયાં.

એક દિવસ ચર્ચમાંથી ગામના માણસોજોગ ફરમાન બહાર પાડવામાં આવ્યું કે, 'રવિવારે આફ્રિકાથી મહેમાન તરીકે આવેલ ફાધર ગામલોકો સાથે વાત કરવા માંગે છે એટલે સૌએ હાજર રહેવું.'

ચર્ચમાં જવાની ઈચ્છા ન હોવા છતાં આ વખતે તો ગયા વગર છૂટકો જ નહોતો. ક-મને એ લોકો રવિવારે ચર્ચ તરફ જવા ઘરેથી નીકળ્યાં. આ વખતે ન તો એમના પગમાં ચાલવાનો જરાકેય ઉત્સાહ હતો કે નહોતા એમના કંઠમાં એકેય ગીત! ફરજ પૂરી કરવાના આશયથી જ એ લોકો યંત્રવત્ ચાલતાં હતાં. ઈસ્ટરના દિવસે જે રસ્તો આંખના પલકારામાં કપાઈ ગયેલો એ જ રસ્તો આજે એમને કંઈ કેટલાય ગાઉ લાંબો લાગ્યો. ચર્ચ તો જાણે માંડ આવ્યું.

ચર્ચમાં હકડેઠઠ ભીડ હતી. બાળકોથી માંડી વૃદ્ધો સુધીની દરેક વ્યક્તિ હાજર હતી. સમય થતાં આફ્રિકાથી આવેલ વૃદ્ધ પાદરીએ ભાષણ આપ્યું. ભાષણના અંતે એમણે આફ્રિકામાં જે પ્રદેશમાં એ કામ કરતા હતા એ ચર્ચ માટે સહાયની ટહેલ નાખી. આફ્રિકાનું એ ચર્ચ લાકડા તેમજ ઘાસનું બનેલું હતું અને લગભગ સોએક ગરીબ કુટુંબને આશરો આપતું હતું. જો અહીંના રહેવાસીઓ ૧૦૦ ડૉલર જેટલી મદદ કરે તો એમાંથી છાપરું બની જાય તેમ હતું. પોતાની વાત પૂરી કરીને પાદરીએ ચર્ચમાં દાન માટેની પેટી ફેરવવાનું કહ્યું. લોકોમાં ગણગણાટ શરૂ થઈ ગયો. હજુ તો મહિના પહેલાં ઈસ્ટરમાં એ લોકો મદદ કરી ચૂક્યા હતા. હવે વારંવાર પૈસા કાઢવા કઈ રીતે એવી ધીમી ઘુસપુસ સંભળવા લાગી. ઈચ્છા ન હોવા છતાં એ લોકો કંઈક ને કંઈક નાખતા હતા. દાનની પેટી ફરતી ફરતી જ્યારે આ ચારેય મા-દીકરીઓ પાસે આવી ત્યારે માતાએ પોતાના કોટમાંથી એક કવર-પરબીડિયું કાઢ્યું અને મોટી દીકરીને આપ્યું. મોટીએ વચલીને અને વચલીને નાનીને આપ્યું. નાની દીકરીએ એ કવર દાનપેટીમાં નાંખી દીધું.

ચર્ચમાં ફેરવ્યા પછી દાનપેટીને ખોલવામાં આવી. પૈસા ગણવામાં આવ્યાં. આફ્રિકાથી આવેલા વૃદ્ધ પાદરી ખુશખુશાલ ચહેરે બોલી ઊઠ્યાં કે, 'ભાઈઓ તેમજ બહેનો!' તમારો સૌનો હું ખૂબ જ આભારી છું. ??? ભગવાન તમારી સૌની રક્ષા કરે! મારી માગણી તો ફક્ત ૧૦૦ ડૉલરની જ હતી, પણ તમે સૌએ ૧૪૩ ડોલર ભેગા કરી આપ્યા છે. એક ખૂબ જ પૈસાદાર કુટુંબ અહીં એવું પણ છે જેમણે એકલાએ જ ૧૦૦ ડૉલરની મદદ કરી છે. જો એમને વાંધો ન હોય તો શું હું જાણી શકું ખરો કે એ સૌથી પૈસાદાર કુટુંબ કોણ છે?'

અને પેલી સ્ત્રી અને એની ત્રણેય દીકરીઓ ઉન્નત મસ્તક અને આંખમાં છલકતાં આંસુ સાથે ઊભી થઈ. ચર્ચ તાળીઓના ગડગડાટથી ભરાઈ ગયું. ચર્ચની કાર્યવાહી પૂરી થયા પછી બધાં વીખરાયાં. એ દિવસે ઘરે પાછા ફરતી વખતે પેલી સ્ત્રી સુંદર મજાનાં ગીતો ગાઈ રહી હતી. એની દીકરીઓ આજે માણસમાંથી જાણે પતંગિયાનું સ્વરૂપ બની ગઈ હોય તેમ રસ્તા પર ચાલતી નહોતી પણ જાણે કે ઊડતી હતી. બધાની આંખોમાંથી આંસુ છલકાતા હતા. આજે એ ચારેય ગામની સૌથી શ્રીમંત વ્યક્તિઓ હતી. પોતાની પાસે હતું તે બધું જ આપી દઈને સૌથી શ્રીમંત થઈ શકાય છે એ વાતની એમને આજે અંતરથી પ્રતીતિ થઈ ગઈ હતી.

❖❖❖



# માનો ખોળો

**ઓ**ફીસની સામે પરસાળનાં પ્રથમ પગથિયે જ એક મર્સિડીઝ કાર બ્રેક મારીને ઉભી રહી ગઇ. છોડને પાણી પાતાં પાતાં પચાસે'કની વયે પહોંચેલા શ્રવણે સહેજ ઉંચા થઇને ચશ્માની દાંડી ઉપર કરી તે તરફ જોયું. તે ગાડીનો યુનિફોર્મ પહેરેલો ડ્રાઇવર પહેલા ઉતર્યો અને ગાડી ચાલુ રાખીને જ પાછળનો જમણી તરફનો દરવાજો ખોલ્યો. સૌ પહેલા હાઇ હીલ અને ઉંચી બ્રાન્ડની સેન્ડલવાળો પગ અને તેની સાથે સુખ સાહ્યબી લાગે તેવા મોંઘા પરફ્યુમની સુવાસ બહાર નીકળી... અને પછી એક સુંદર દેહાકાર ધરાવતી અને બ્યુટી શબ્દને પણ હંફાવી દે તેવી સ્ત્રી બહાર આવી.

શ્રવણ સામે જોઇને તેને હળવા ઇશારાથી કહ્યુ, 'મારે અહીંના મુખ્ય સંચાલક મિ. શ્રવણ શ્રીધરને મળવું છે.'

'હા, હું જ છું,...શ્રવણ શ્રીધર...આવો ઑફીસમાં...!!' શ્રવણે પોતાના કપડા પર ચોટેંલી માટી ઉખેડતા કહ્યું.

'શું લેશો... ? ચા .. કોફી...કે ઠંડુ..!' પાણી પછી શ્રવણે વિવેક કર્યો.

'કંઈ નહી...થેંક્સ....'માનો ખોળો... તમારી સંસ્થાનું નામ અદ્ભૂત છે...'તેને પોતાની વાત શરુ કરી.

'હા... અમે અહીં નિરાધાર... લાચાર... રોગીષ્ઠ અને જરુરિયામંદ માના ઘડપણનો ટેકો બનવાનો પ્રયત્ન કરીએ છીએ...!' શ્રવણે સૌજન્યતાપૂર્વક જવાબ વાળ્યો.

પછી થોડીવાર શાંતી પથરાઇ ગઇ.

'આપનો આ સંસ્થાની મુલાકાત લેવાનો હોતું ??' શ્રવણે તેની સામે જોઇને કહ્યું. પણ તે થોડીવાર ખમોશ રહી.

'તમે અમને સમજી શકશો... મારુ નામ નિધી છે.... હું અહી મારી મધર ઇન લો ને મુકવા આવી છું...!' અને ત્યારે જ તેના પર્સમાંથી મોબાઇલની રીંગ વાગી.

ખૂબ જ મોંઘા ફોન પર સાવ હળવેથી તેને આંગળી ફેરવી અને સામેથી આવતા અવાજની પરવા કર્યા વિના બોલી, 'હા...ધ્રુવ...હું અહીં પહોંચી ગઇ છું.. તું ચિંતા ન કરીશ... માને સારુ છે...અહીં જગ્યા પણ ઘણી સારી છે.. બસ અમારી મીટીંગ પુરી થાય એટલે તને ફોન કરુ છું..' અને તેને ફોન ક્ટ કરી દીધો.

શ્રવણ હવે બધુ સમજી ચુક્યો હતો.

'આ રહ્યું ફોર્મ... તમે વિગત ભરી દેશો...આ ખોળો ખૂબ વિશાળ છે.. ગરીબ.. કે અમીર બધાને અહીં આશરો મળશે.. ચિંતા ન કરશો.' શ્રવણે માર્મિક ટકોર સાથે ફોર્મ તેની સામે ધર્યુ.

'જુઓ.. તમે સમજો છો તેમા થોડો ફર્ક છે...અમે ફેમિલીમાં હું, મારો હસબન્ડ ધ્રુવ અને મારી મધર ઇન લો અમે ત્રણ જ વ્યક્તિ છીએ.. અમારે બન્નેને જોબ છે... અને બે વર્ષ માટે અમેરિકા જવાનું છે... અમે થોડા મહિનાઓમાં ત્યાં સેટ થઇશું પછી તેને પણ ત્યાં બોલાવી લઇશું. મારી મધર ઇન લો હાઇ કોર્ટમાં જજ રહી ચુક્યા છે. બે વર્ષ પહેલા તેને અચાનક બીપી વધવાથી બ્રેન સ્ટ્રોક આવેલો ત્યારથી તે લકવાની હાલતમાં છે, તે બોલી નથી શકતી.. તેની એક પણ ક્રિયા પર તેનો કંટ્રોલ નથી... એટલે અમે પરદેશમાં તેને શરુઆતમાં નહી સાચવી શકીએ....એક તરફ અમારું કેરીયર અને બીજી તરફ મમ્મીની આવી હાલત..! ... જો કે ધ્રુવ તો તૈયાર નહોતો...પણ મારે તેને ઘણો સમજાવવો પડયો.. અને તમારી સંસ્થા વિશે ખૂબ સર્ચ કરીને પછી જ અમે આ નિર્ણય પર આવ્યાં છીએ..! હા, તમે પૈસાની સહેજપણ ચિંતા કરતા નહી.... મમ્મી માટે અમે દરેક કિંમત ચુકવી દઈશું...!!'' નિધીએ પોતાની વાતની સાથે ફોર્મ ભરીને પણ આપી દીધું.

'ધ્રુવ સરસ નામ છે.. મારી મા ને પણ આ નામ ખૂબ ગમતું હતું...!' શ્રવણે ફોર્મ તપાસતા કહ્યું.

'જો કે શ્રવણ નામ પણ દરેક માને ગમે તેવું જ છે.. હોં...!' નિધીએ પણ સામે ઉત્તર વળ્યો.

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા – મુંબઈ**

***સંચાલિત***

**શ્રી નંદલાલ તારાચંદ વોરા ઉપાશ્રય નાલાસોપારા**

ઉપરોક્ત ઉપાશ્રય માટે શ્રી મિલનભાઈ તુરખીયાની નિમણુંક ઑફિસ ઈન્ચાજ તરીકે કરવામાં આવેલ છે. તેઓશ્રી દરરોજ સવારે **૯.૩૦ થી ૧૧.૩૦** વાગ્યા સુધી ઉપાશ્રયમાં સેવા આપશે. પર્યુષણ ફંડ, ઉપાશ્રય તેમજ કોઈ પણ ડોનેશન આપવું હોય તો ઑફિસમાં તેમના Mob. No. 9860125136 પર સંપર્ક કરશો.

– મંત્રીઓ

'હા...શ્રવણ... ખાલી નામ નહી... આ શ્રવણ જેવો દિકરો પણ બધી મા ને ગમે...!' એક ખૂબ વૃધ્ધ દાદી ઓફીસમાં લાકડીના ટેકે ટેકે પ્રવેશ્યા.

શ્રવણ માજીને જોઇને તરત ખુરશી પર ઉભો થયો અને તેમની તરફ ચાલ્યો...'મા... કેમ અત્યારે ઓફીસમાં... તું આરામ કરને...!'

'ઓહ... તો આ તમારા મમ્મી છે.. વાઉ.. સો ક્યુટ... બા તમે ઘરડા ભલે હો પણ મજબુત લાગો છો...' નિધીએ બાને પ્રણામ કર્યા.

'સુખી રહે..!! આ તો શ્રવણ જેવા છોકરા હોય' ને તો રોજે રોજ પાશેર લોહી વધે હોં...' બાએ પણ આશીર્વાદની સાથે શ્રવણના વખાણ કર્યા.

'તમને આ માનો ખોળો જેવી સંસ્થા શરુ કરવાની પ્રેરણા પણ માજીમાંથી જ મળી હશે, ખરુને..??' નિધીએ માની આંખોમાં આંખો પરોવીને કહ્યું.

શ્રવણ અને મા બન્ને એકમેકની સામે જોઇ રહ્યાં.

એવામાં ડ્રાઇવર દોડતો દોડતો આવ્યો... 'મેડમ... માજીએ ગાડીમાં ઉલ્ટીઓ શરુ કરી છે... શું કરું ?'

'અરે... હજુ તો કાલે જ કાર સર્વિસ કરાવી છે.. તેમને જલ્દી બહાર લઇ આવ...!!' નિધીના શબ્દોથી શ્રવણને મર્સિડીઝ અને મા બન્નેમા કિંમતી શું છે તેનો અંદાજ આવી ગયો.

જો કે ત્યારે જ બાજુમાં ઉભેલા બા માં એકાએક અજબની સ્ફુર્તિ આવી હોય તેમ દોડ્યા અને તે ગાડી પાસે પહોંચી ગયા.

કારમાં કોઈ સ્ત્રી ઉલ્ટી કરી રહી હતી. કારની સીટ ન બગડે એ માટે ઘરડાં બા એ તે સ્ત્રીની સામે પોતાનો ખોળો પાથરી દીધો. તે સ્ત્રીએ ફરીથી બે થી ત્રણ એકદમ દુર્ગંધિત ઉલ્ટી મા ના ખોળામાં કરી. મા તેના પીઠ પર હાથ ફેરવવા લાગી.

તેને થોડુ ઠીક થયું એટલે તેને પોતાની નજર ઉંચી કરી.

બન્નેની નજર મળતાં જ પચ્ચીસ વર્ષ પહેલાના જુના સંબંધોનો ઇતિહાસ ખડો થઇ ગયો...!!

આજથી પચીસ વર્ષ પહેલા આવી જ ઘટના બની હતી. ત્યારે આ બન્ને સ્ત્રીઓ વચ્ચે સાસુ અને વહુનો સબંધ હતો.

જો કે આજે ઉલ્ટી કરવાવાળી અને સાફ કરનાર વ્યક્તિના સ્થાન બદલાઇ ગયા હતા.

પચ્ચીસ વર્ષ પહેલા શ્રવણની મા અતિશય બિમાર રહેતા. એક દિવસ શ્રવણની પત્ની સુરભીનાં ખોળામાં બા થી અચાનક જ ઉલ્ટી થઇ ગઇ હતી અને સુરભીએ તો રીતસરનું યુધ્ધ આરંભી દીધું હતું. 'જો સાંભળી લે.. શ્રવણ...હું અહીં સાસરે આખી જિંદગી મમ્મીની સેવા કરવા આવી નથી. હું કંટાળી ગઇ છું... તારુ નામ જેને પણ રાખ્યું છે તે બરાબર જ છે...તારે બસ, બા ની સેવા જ કરવાની. હું ત્રાસી ગઇ છું... આ માત્ર આજની વાત નથી... લગ્ન થયા છે ત્યારથી જ... તને આ ઘરમાં ફક્ત તારી મા જ દેખાય છે.....હું તો આ ઘરમાં કેમ આવી છું તે જ નથી સમજાતું...! લગ્ન પછી સાત વર્ષમાં એકે'ય રાત ક્યાંય બહાર ફરવા નથી લઇ ગયા... હોટલમાં જઇએ તો...પહેલાં ઘરે માની રસોઇ કરવાની અને પછી તેને જમાડીને જ જવાનું... અરે મારી ઓફીસની એકે'ય પાર્ટીમાં તું આવ્યો છે ખરો...!! મારી કારકીર્દી કાંઇ આમ વૈતરુ કરવામાં કાઢી નાખવાની નથી. તું જ નક્કી કરી લે તારે પત્ની જોઇએ કે મા...!'

જીવનના આ તબક્કે શ્રવણ જેવા દિકરાએ મા ને પસંદ કરી હતી....

તે સમયની બાહોશ વકીલ સુરભી પતિ સામેનો કેસ જીતી ગઇ અને પોતાના દિકરા ધ્રુવને લઇને કાયમ માટે ચાલી ગઇ હતી.

જ્યારે શ્રવણે પણ પોતાની સઘળી સંપત્તિ વેચીને બધાથી દુર નાનકડો આશ્રમ કરીને મા ની સેવામાં લાગી ગયેલો. જે આશ્રમને સૌ 'માનો ખોળો' તરીકે જ ઓળખતા.

જેમની ઉલ્ટીઓથી સુરભીને સુગ હતી... તેમના ખોળામાં જ આજે પોતે ઉલ્ટીઓ કરી રહી હતી.

'બેટા, સુરભી...!!'' મા ની આંખોમાંથી પ્રેમ વહી રહ્યો હતો.

તેની હાલત લકવાગ્રસ્ત હતી. તે બોલી શકતી નહોતી પણ તે ગાડીમાં જ માને વળગી પડી અને તેની બન્ને આંખોમાંથી સતત આંસુઓનો ધોધ વહેવા લાગ્યો.. માએ સાડીના ચોખ્ખા છેડેથી તેનું મોં બરાબર સાફ કર્યુ...

નિધિ તરત જ નજીક આવી અને બોલી, 'અરે, માં.... તમારો ખોળો બગડી ગયો છે.. સોરી...મારી મા ને ખબર જ નથી પડતી કે....!! તમારા ખોળામાં ખૂબ વાસ આવે છે.....હું તમને પરફ્યુમ લગાવી દઉં...!!'

મા એ નિધિને રોકતા કહ્યુ...'જો દિકરા નિધિ..આ માનો ખોળો છે... અહીં તો દિકરા.. દિકરી...વહુ કે કોઇપણની દુર્ગંધ મારતી ઉલ્ટી હોય કે ખુશીઓની કિલકિલારી... બાળકોની ટપકતી લાળ હોય કે નાકની લીંટ... દિકરા- દિકરીનુ સુખ હોય કે દુ:ખ...સૌનું એકસરખું સ્થાન છે...!! માનો ખોળો તો આ બધી સુગંધોથી ભરેલું રહે એ જ માને મન સૌથી મોંઘુ અને મનપસંદ પરફ્યુમ છે....!'

અને મા એ પોતાની વહુને પોતાના ખોળામાં સમાવી લીધી.

શ્રવણ પણ દુરથી મા ના વ્હાલસોયા ખોળાની ભવ્યતા જોઇને બંધ આંખે રડી ગયો.

***સાગરથી પણ છે જેનો પટ પહોળો,***
***એવુ સ્થાન તો એક જ છે,***
***'માનો ખોળો...'***

❖❖❖

# વિવિધ અભ્યાસક્રમમાં યશસ્વીપૂર્ણ ઉત્તીર્ણ થયાં : અનુપમ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન

B. Tech -Electr. Engi.
82% (8.67 Pointer)



**તિર્થ શાહ**
પિતા : શ્રી રશ્મિનકુમાર જે. શાહ
માતા : એકતાબેન
વતન : લિંબડી
હાલ : દ્વારકા

B. Tech in Mech. Engi.
SGPA - 8.39



**પ્રશમ ધવલ સંઘવી**
પિતા : શ્રી ધવલ સંઘવી
માતા : રૂપલ સંઘવી
વતન : જોરાવરનગર
હાલ : લોઅર પરેલ

B.E. (Com. Engi.)
(CGPI) 9.02 /10



**હેમિલ તેજસ શેઠ**
પિતા : શ્રી તેજસ વાય. શેઠ
માતા : નીલમ
વતન : વઢવાણ
હાલ : કાંદિવલી (વેસ્ટ)

MBA -Canada Uni.
88% (British Colambia)



**નિરગ દિલિપ ગોસલિયા**
પિતા : શ્રી દિલિપ બી. ગોસલિયા
માતા : ચેતના
વતન : જોરાવરનગર
હાલ : અંધેરી

CA
Final 200



**નુશા ભરત ડગલી**
પિતા : શ્રી ભરત ડગલી
માતા : અલ્પા
વતન : વડોદ (વઢવાણ)
હાલ : ભાયંદર

CA - Final Pass
52.63%



**વૃષાંગ શાહ**
પિતા : શ્રી ધર્મેન્દ્ર શાહ
માતા : ભારતી
વતન : જોરાવરનગર
હાલ : ભાયંદર (ઈસ્ટ)

CA - Final Pass



**રિધ્ધી નિલેશ સંઘવી**
પિતા : શ્રી નિલેશ કે. સંઘવી
માતા : મંજુ
વતન : વઢવાણ
હાલ : મુંબઈ

Master of law
LLM - 58%



**એડ. હિના અશ્વિન વોરા**
પિતા : શ્રી અશ્વિન સી વોરા
માતા : મિનાક્ષી
વતન : દેવધારી (બોટાદ)
હાલ : કાંદિવલી (ઈસ્ટ)

CBSE Board (12th)
86%



**પ્રિશા ધવલ સંઘવી**
પિતા : શ્રી ધવલ પી. સંઘવી
માતા : રૂપલ
વતન : જોરાવરનગર
હાલ : લોઅર પરેલ

HSC Board (12th)
94.33%



**આયુષ પ્રિતેશ શાહ-તોલિયા**
પિતા : શ્રી પ્રિતેશ શાહ
માતા : જીજ્ઞા
વતન : સુરેન્દ્રનગર
હાલ : ઘાટકોપર

HSC Board (12th)
94%



**વીર તેજસ શાહ**
પિતા : શ્રી તેજસ વિરેન્દ્ર શાહ
માતા : મિરલ
વતન : લુન્સાર
હાલ : કાંદિવલી (વેસ્ટ)

HSC Board (12th)
87.83%



**હિનલ જતિન શાહ**
પિતા : શ્રી જતીન એચ. શાહ
માતા : બીજલ
વતન : વઢવાણ
હાલ : ઘાટકોપર (વેસ્ટ)

**HSC Board (12th) (Science) 81%**



**પ્રથમ જયલેષ ગોપાણી**

પિતા : શ્રી જયલેષ ગોપાણી

માતા : સોનલબેન

વતન : બોટાદ

હાલ : ભાયંદર

**ICSE Board (10th) 98.00%**



**માહી કૃણાલ શાહ**

પિતા : શ્રી કૃણાલ બી. શાહ

માતા : મેઘલ

વતન : સુરેન્દ્રનગર

હાલ : બોરિવલી (વેસ્ટ)

**ICSE Board (10th) 95.00%**



**દિશા અમીત મણિયાર**

પિતા : શ્રી અમીત આર મણિયાર

માતા : હિરલ

વતન : લીંબડી

હાલ : અંધેરી (વેસ્ટ)

**ICSE Board (10th) 93%**



**આરવ જીગર શાહ**

પિતા : શ્રી જીગર મહેશ શાહ

માતા : શાલીની

વતન : સાયલા

હાલ : ઘાટકોપર

**SSC Board (10th) 96.73%**



**વિધી વિપુલ શાહ**

પિતા : સ્વ. વિપુલ વિનોદ શાહ

માતા : ભાવના

વતન : સુરેન્દ્રનગર

હાલ : બોરીવલી (વેસ્ટ)

**SSC Board (10th) 90.20%**



**ક્રિશા નિરલ શાહ**

પિતા : શ્રી નિરલ એસ. શાહ

માતા : તોરલ

વતન : વઢવાણ

હાલ : કાંદિવલી

**SSC Board (10th) 89%**



**વીર કુંજન શાહ**

પિતા : શ્રી કુંજન એચ. શાહ

માતા : હેમાલીબેન

વતન : વઢવાણ

હાલ : ઘાટકોપર (વેસ્ટ)

**SSC Board (10th) 87.20%**



**દક્ષ આશિષ શેઠ**

પિતા : શ્રી આશિષ એચ. શેઠ

માતા : બીજલ

વતન : ધંધુકા

હાલ : વસઈ રોડ (વેસ્ટ)

**SSC Board (10th) 92%**



**કાવ્ય મેહુલ બોરડિયા**

પિતા : શ્રી મેહુલ બોરડિયા

માતા : રચના

વતન : દિગસર

હાલ : ચેંબુર (વેસ્ટ)

**SSC Board (10th) 92%**



**જય જિતેન સંઘવી**

પિતા : શ્રી જિતેન કે. સંઘવી

માતા : ઉર્સુલા

વતન : મોરબી

હાલ : અંધેરી (વેસ્ટ)

એક વખત દલાઈ લામાને પૂછવામાં આવ્યું હતું કે તમને મનુષ્યજાત વિશે સૌથી વધુ નવાઈ કઈ વાતની લાગે છે. તેના જવાબમાં તેમણે કહ્યું, ''મનુષ્યની નવાઈ છે, કારણકે આ જીવ એવો છે જે પૈસા રળવા માટે પોતાના આરોગ્યનો ભોગ આપે છે અને પછી આરોગ્ય પાછું મેળવવા માટે પોતાના પૈસાનો ભોગ આપે છે. માણસ ભવિષ્ય માટે એટલે ચિંતાતુર હોય છે કે એ વર્તમાનનો આનંદ માણી શકતો નથી. પરિણામે, એ ભવિષ્ય જોવા જીવતો રહી શકતો નથી. એ એવી રીતે જીવે છે જાણે એને ક્યારેય મોત નથી આવવાનું અને પછી એવી રીતે મરી જાય છે જાણે એ ક્યારેય જીવ્યો જ ન હતો.''

# તસ્મૈ શ્રી ગુરવે નમઃ

ડૉ. અરુણ સી. વકીલ



